અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ ઓક્ટોબર ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૧૧ | અંક : ૧૧૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## IDF હુમલા અને સંરક્ષણ માટે સંપૂર્ણ રીતે તૈયાર

# ઈઝરાયેલે ઈરાનમાં ૧૦ સૈન્ય સ્થળો પર હવાઇ હુમલો કર્યો

। (એજન્સી) ઈરાન, તા.૨૬ ।

૧ ઓક્ટોબરના રોજ બેલેસ્ટિક મિસાઈલ હુમલાના જવાબમાં ઈઝરાયેલે ઈરાનમાં ૧૦ સૈન્ય લક્ષ્યો પર શનિવારે વહેલી સવારે હવાઈ હુમલો કર્યો. નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના પ્રવક્તા સીન સેવેટે જણાવ્યું હતું કે સૈન્ય લક્ષ્યો પરના હુમલા ઈઝરાયેલ સામે ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ હુમલાનો જવાબ છે.

જો કે ઈરાનમાં કયા કયા સ્થળો પર હુમલો થયો છે તે અંગે હજુ કોઈ માહિતી નથી. અત્યાર સુધી ઈઝરાયેલે માત્ર એટલું જ કહ્યું છે કે તે સૈન્ય લક્ષ્યો પર હુમલો કરી રહ્યું છે. ફોક્સ ન્યૂઝના રિપોર્ટ અનુસાર, ઈરાન પર હવાઈ હુમલાને લઈને ઈઝરાયેલે થોડા સમય પહેલા જ વ્હાઈટ હાઉસને જાણ કરી હતી.

આ સાથે ઈઝરાયેલે સીરિયાના દક્ષિણ અને મધ્યમાં સૈન્ય મથકો પર પણ હુમલો કર્યો છે. સીરિયાની સરકારી સમાચાર એજન્સી SANAના અહેવાલ મુજબ ઈઝરાયેલે સવારે લગભગ ૨ વાગ્યે દક્ષિણ અને મધ્ય સીરિયામાં અનેક સૈન્ય લક્ષ્યાંકો પર હુમલો કર્યો હતો. SANAનું કહેવું છે કે એર ડિફેન્સ સિસ્ટમે કેટલીક મિસાઈલોને તોડી પાડી છે. હાલ અધિકારીઓ નુકસાનનું આકલન કરી રહ્યા છે.

એક વિડિયોમાં, IDFના પ્રવક્તા રીઅર એડમિરલ ડેનિયલ હગારીએ જણાવ્યું હતું કે IDF ઈઝરાયેલ સામે ઈરાનના હુમલાના જવાબમાં સૈન્ય લક્ષ્યો પર હુમલા કરી રહ્યું છે. ઈરાન અને આ ક્ષેત્રમાં તેના સહયોગી દેશો ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી સતત ઈઝરાયેલ પર સાત મોરચે હુમલો કરી રહ્યા છે. આમાં, વિશ્વના દરેક સાર્વભૌમ દેશની જેમ, ઈઝરાયેલને પણ જવાબ આપવાનો અધિકાર છે. અમે ઈઝરાયેલ અને અમારા લોકોના રક્ષણ માટે જે જરૂરી હશે તે કરીશું.



તેમણે કહ્યું કે આ સમયે નાગરિકો માટેના નિર્દેશોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, કારણ કે ઈરાનમાં હુમલા થઈ રહ્યા છે. હગારીએ કહ્યું કે હોમ ફ્રન્ટ કમાન્ડના નિર્દેશોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તમારે સાવચેત રહેવું જોઈએ અને માર્ગદર્શિકાઓનું પાલન કરવું જોઈએ.

તેમણે કહ્યું કે IDF હુમલા અને સંરક્ષણ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. અમે ક્ષેત્રમાં ઈરાન અને તેના સહયોગીઓની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા છીએ. ઈઝરાયેલ ઈરાન પર હુમલો કરી રહ્યું છે ત્યારે, વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની ઑફિસે એક ફોટો જાહેર કર્યો છે જેમાં વડા પ્રધાન સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટ અને ટોચના IDF જનરલો સાથે તેલ અવીવમાં લશ્કરી મથક હેઠળ બંકરમાં બેઠા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલ ઈરાની પરમાણુ કેન્દ્રો અથવા તેલ ક્ષેત્રો પર હુમલો કરી રહ્યું નથી, પરંતુ અધિકારીએ કહ્યું કે અમે તે વસ્તુઓને નિશાન બનાવી રહ્યા છીએ જે ભૂતકાળમાં અમારા માટે જોખમી રહી છે ઈઝરાયેલને આવા લક્ષ્યો પર હુમલો ન કરવા માટે, અને ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ હુમલાનો જવાબ આપવાના ઈઝરાયેલના અધિકારને પણ સમર્થન આપી રહ્યું છે.

ઈરાનની રાજધાની, તેહરાનમાં, વિસ્ફોટો સંભળાતા હતા, પરંતુ ત્યાંના રાજ્ય મીડિયાએ શરૂઆતમાં વિસ્ફોટોને સ્વીકાર્યું હતું અને કહ્યું હતું કે કેટલાક અવાજો શહેરની આસપાસની હવાઈ સંરક્ષણ પ્રણાલીમાંથી આવ્યા હતા. તેહરાનના રહેવાસીએ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા સાત વિસ્ફોટો સાંભળી શકાય છે, જે આસપાસના વિસ્તારને હચમચાવી દે છે.

ઈરાને ગાઝા પટ્ટીમાં ચાલી રહેલા ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચે તાજેતરના મહિનાઓમાં ઈઝરાયેલ પર બે બેલેસ્ટિક મિસાઈલ હુમલા કર્યા છે, જે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયેલ પર હમાસના હુમલાથી શરૂ થઈ હતી. ઈઝરાયેલે લેબનોન પર પણ જમીની હુમલો કર્યો છે. આ હુમલો એ જ સમયે થયો જ્યારે અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન મધ્ય પૂર્વના પ્રવાસ બાદ અમેરિકા પરત ફરી રહ્યા હતા. અહીં તેણે અને અન્ય અમેરિકન અધિકારીઓએ ઈઝરાયેલને ચેતવણી આપી કે તે એવી રીતે જવાબ આપે કે જેનાથી પ્રદેશમાં સંઘર્ષ વધે નહીં અને પરમાણુ હુમલાને બાકાત રાખવામાં ન આવે.

## ન્યૂઝ બ્રિફ

### AIMIMએ ગિરિરાજ સિંહ સામે મોરચો ખોલ્યો

। નવી દિલ્હી, તા.૨૬ ।

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)એ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ વિરુદ્ધ ભડકાઉ ભાષણ આપવાના આરોપમાં બિહારની કિશનગંજ કોર્ટમાં FIR દાખલ કરી છે. AIMIMના વકીલનું કહેવું છે કે, ગિરિરાજ સિંહે પોતાના કિશનગંજ પ્રવાસ દરમિયાન ઘણી જાહેર સભાઓમાં એવા નિવેદનો આપ્યા હતા, જેના કારણે સમુદાયો વચ્ચે વૈમનસ્ય ફેલાઈ શકે છે અને સ્થાનિક લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી છે. ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, ગિરિરાજ સિંહે ઈરાદા પૂર્વક આવા ભાષણો આપ્યા હતા જે હિંદુ અને મુસ્લિમ સમુદાયો વચ્ચે તણાવ વધારી શકે છે અને સૌહાર્દને નુકસાન પહોંચાડી શકે છે.

### સાંસદ રાઘવ ચઢ્ઢા અને પરિણીતી ચોપરાના ઘરે પધાર્યા શંકરાચાર્ય

। નવી દિલ્હી, તા.૨૬ ।

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી મહારાજ દિલ્હીમાં આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢા અને અભિનેત્રી પરિણીતી ચોપરાના ઘરે પધાર્યા હતા. સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી ઉત્તરાખંડમાં જ્યોતિષ પીઠના ૪૬મા શંકરાચાર્ય છે. શંકરાચાર્ય અને તેમની સાથે આવેલા અન્ય સંતોનું તેમના ઘરે રાઘવ ચઢ્ઢા અને પરિણીતી ચોપરાએ સ્વાગત કર્યું હતું. જેની કેટલીક તસવીરો સામે આવી છે. સામાન્ય રીતે શંકરાચાર્ય કોઈના ઘરે તેમને મળવા જતા નથી.

### તમિલનાડુના રાજ્યગીત પર ફરી વિવાદ, ખોટા રાજ્યગીત ગાવાનો મામલો

। તમિલનાડુ, તા.૨૬ ।

તમિલનાડુના રાજ્યગીત 'તમિલ થાઈ વાલ્થુ'ને લઈને ફરી વિવાદ ઉભો થયો છે. આ વખતે મામલો ડેપ્યુટી સીએમ ઉધયનિધિ સ્ટાલિનની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમ સાથે જોડાયેલો છે. વિપક્ષનો આરોપ છે કે રાજ્યગીત ખોટી રીતે ગાવામાં આવ્યું છે. ભાજપે કહ્યું કે, માતા તમિલે ડેપ્યુટી સીએમને પાઠ ભણાવ્યો છે. જ્યારે ઉધયનિધિએ આરોપોને ફગાવી દીધા છે. તેણે કહ્યું કે માઈક્રોફોન યોગ્ય રીતે કામ કરી રહ્યો નથી.

## આપણે બહેન-દિકરીઓને બચાવવી પડશે : દત્તાત્રેય હોસબાલે

# RSSએ CM યોગીના બટેંગે તો કટેંગે નિવેદનનું કર્યું સમર્થન

**તેમણે કહ્યું કે આપણે આને આચરણમાં લાવવું જોઈએ આ હિંદુની એકતા અને લોક કલ્યાણ માટે જરૂરી છે**

। (એજન્સી) મથુરા, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશના મથુરામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વાર્ષિક બેઠક દરમિયાન આરએસએસના સરકાર્યવાહ દત્તાત્રેય હોસબાલેએ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના 'બટેંગે તો કટેંગે' વાળા નિવેદનનું સમર્થન કર્યું. તેમણે કહ્યું કે આપણે આને આચરણમાં લાવવું જોઈએ. આ હિંદુની એકતા અને લોક કલ્યાણ માટે જરૂરી છે. દત્તાત્રેય હોસબાલેએ કહ્યું, 'ગયા વર્ષ કરતાં આ વખતે આરએસએસની બ્રાન્ચ વધી છે. સમગ્ર દેશમાં સંઘની ૭૨૩૫૪ બ્રાન્ચ ચાલી રહી છે. વર્તમાન સમયમાં



એકતા જાળવી રાખવાની છે. ઘણા સ્થળે ધર્માંતરણ થઈ રહ્યું છે. ગણેશ પૂજા અને દુર્ગા પૂજાના સમયે હુમલા થયા. આ મામલે પોતાની રક્ષા પણ કરવી જોઈએ અને એકતા પણ જાળવી રાખવી જોઈએ જેનાથી શાંતિ જળવાઈ રહે. ઓટીટીને લઈને કાયદો અને નિયમ આવવા જોઈએ. બાંગ્લાદેશમાં હિંદુ સમાજના લોકો માટે ભારત સરકારે પગલા ઉઠાવ્યા છે. દુનિયામાં ક્યાંય પણ કોઈ પણ હિંદુને તકલીફ છે તો તે મદદ માટે ભારત તરફ જ જુએ છે.' સીએમ યોગીના 'બટેંગે તો કટેંગે' ના નિવેદનના સવાલ પર તેમણે કહ્યું, 'આનો અર્થ છે કે એકતાની જરૂર છે અને આપણે તેને આચરણમાં લાવવાનું છે. લોકો આને સમજી રહ્યાં છે અને લાગુ કરી રહ્યાં છે. આ હિંદુ એકતા અને લોક કલ્યાણ માટે ખૂબ જરૂરી છે. હિંદુઓની એકતા તોડવા માટે લોકો કામ કરી રહ્યાં છે.'દત્તાત્રેય હોસબાલેએ કહ્યું, 'લવ જેહાદથી સમાજમાં સમસ્યા થઈ રહી છે. યુવતીઓને લવ જેહાદ પ્રત્યે જાગૃત કરો. આપણા સમાજની બહેન-દિકરીઓને બચાવવા આપણું કામ છે. કેરળમાં ૨૦૦ યુવતીઓને લવ જેહાદથી બચાવવામાં આવ્યા છે.' રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વાર્ષિક અખિલ ભારતીય કાર્યકારી મંડળની બેઠક આ વખતે મથુરા સ્થિત ગઉ ગ્રામ પરખમના દીનદયાળ ઉપાધ્યાય ગાય વિજ્ઞાન અને સંશોધન કેન્દ્રમાં આયોજિત થઈ. ૨૫ અને ૨૬ ઓક્ટોબરે બોલાવવામાં આવેલી આ બેઠકમાં સંઘના તમામ ૪૬ પ્રાંતોના પ્રાંત અને સહ પ્રાંત સંઘચાલક, કાર્યવાહ તથા પ્રચારકોએ ભાગ લીધો.

## પોલીસ કસ્ટડીમાં યુવકના મોત બાદ તણાવ

# છત્તીસગઢમાં લોકોના ટોળાએ મહિલા ASP સાથે મારપીટ કરી

। (એજન્સી) છત્તીસગઢ, તા.૨૬ ।

છત્તીસગઢના બલરામ પુરમાં ઉગ્ર ભીડે એડિશનલ એસપી નિમિષા પાંડે સાથે મારપીટ કરી હતી. મહિલાઓએ તેને ચંપલથી મારી અને તેની લાઠી પણ છીનવી લીધી. અંતમાં મહિલા એએસપીએ ભાગીને પોતાનો જીવ બચાવવો પડ્યો. રાજ્યમાં ખરાબ કાયદો અને વ્યવસ્થા તેમજ પોલીસની બેદરકારીથી નારાજ ભીડને સમજાવવા માટે મહિલા એસપી પહોંચી હતી, પરંતુ તેની વાત સાંભળવાની બદલે મહિલાઓએ તેના પર હુમલો કરી દીધો. એવામાં તેને જીવ બચાવવા માટે ત્યાંથી ભાગવું પડ્યું હતું. બલરામપુરમાં પોલીસ કસ્ટડીમાં યુવકનું મોત થઈ ગયું હતું. ત્યારબાદ ત્યાં જોરદાર બબાલ થઈ ગઈ. યુવકનો મૃતદેહ લઈને પોલીસ તેમના ગામડે પહોંચી હતી. આ દરમિયાન ગામડાના લોકો રોષે ભરાયા હતાં. ભીડે પોલીસકર્મી પર પથ્થરમારો કરી દીધો. જોકે, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, ભીડમાં જોવા મળતાં લોકો બીજા રાજ્યથી આવીને છત્તીસગઢમાં વસ્યા છે અને હવે આ જ લોકો અહીંનો માહોલ ખરાબ કરી રહ્યાં છે. ઉગ્ર ભીડને કાબૂ કરવા પહોંચેલી



એએસપી નિમિષા પાંડે પર પણ મહિલાઓએ હુમલો કરી દીધો હતો. આ દરમિયાન એક મહિલા તેને ચંપલથી મારતી જોવા મળી રહી છે, બીજી મહિલાએ તેના હાથમાંથી લાઠી છીનવી લીધી. મૃતકે પરિવારજનો અનેસ બંગાળી સમાજે તેના મૃતદેહને સ્વીકરવાનો ઈનકાર કરી દીધો. ત્યારબાદ પોલીસ ખુદ મૃતદેહને લઈને ગૃહગામ સંતોષી નગર પહોંચી હતી. આ અગાઉ ૨૪ સપ્ટેમ્બરે પણ બલરામપુર પોલીસ સ્ટેશનમાં લોકોએ ભીડ પર હુમલો કરી દીધો હતો. મોડી રાત્રે હંગામા બાદ એસપી કાર્યલયની સામે હાઈવે પર દેખાવ કરી રહેલાં લોકોની ભીડે પોલીસને હટાવ્યા. એસપી બુલરામપુર પોલીસ સ્ટેશનના પ્રભારી અને આરક્ષકને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. મૃતક ગુરૂચરણ મંડલના પિતા શાંતિ રામે પોલીસ સ્ટેશનથી બહાર નીકળીને કહ્યું કે, પોલીસે તેમના દીકરાને મારીને લટાકાવ્યો હતો, ટીઆઈ અને એસપી ત્રણ દિવસથી ગુરૂચરણને માર મારી રહ્યા હતાં. વળી એએસપી શૈલેન્દ્ર પાંડેએ આ આરોપોને નકારી દીધા છે. પાંડેએ કહ્યું કે, ફક્ત પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો, તેણે બાથરૂમમાં જઈને ગળે ફાંસો ખાધો હતો.

મૃતકની પત્ની લાપતા હોવાના મામલે પોલીસને મુખ્ય પુરાવા હાથ લાગ્યા હતાં. ત્યારબાદ પૂછપરછ માટે યુવકને બોલાવવામાં આવ્યો હતો. જોકે, તેણે પોલીસ કસ્ટડીમાં જ ફાંસી લગાવી દીધી. ત્યાર બાદથી હોબાળો થઈ રહ્યો છે. હવે પોલીસનું ધ્યાન શાંતિ જાળવવા પર છે. અત્યારેપણ સૌથી મોટો પ્રશ્ન છે કે, લાપતા પત્ની અત્યારે ક્યાં અને કઈ સ્થિતિમાં છે. પોલીસ કસ્ટડીમાં યુવકના મોત બાદ સમગ્ર વિસ્તારમાં તણાવ છે, લોકો રસ્તા પર ઉતરીને વિરોધ કરી રહ્યાં છે.

### સમજૂતીની અસર લદ્દાખમાં દેખાઈ, ચીને કહ્યું, "સૈનિકો હટાવવાનું કામ ચાલી રહ્યું છે"

। લદ્દાખ, તા.૨૬ ।

ભારત અને ચીન વચ્ચેના કરારની અસર પૂર્વ લદ્દાખમાં દેખાવા લાગી છે. વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પાસે બંને દેશોના સૈનિકો પાછા હટાવવાનું શરૂ થઈ ગયું છે. આ અંગે ચીનનું નિવેદન પણ સામે આવ્યું છે. ચીને કહ્યું કે સમજૂતી હેઠળ બંને દેશોની સેના પોતાના સૈનિકોની વાપસીમાં લાગેલી છે.

## યશસ્વી જાયસવાલ સિવાય બધા બેટરો ફ્લોપ

# ન્યૂઝીલેન્ડે ઈતિહાસ રચ્યો, ૧૨ વર્ષ બાદ ઈન્ડિયાની હાર

**પુણે ટેસ્ટ જીતવા માટે ભારતને ૩૫૯ રનનો ટાર્ગેટ મળ્યો હતો, જેના જવાબમાં ભારતીય ટીમ ૨૪૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી**

। (એજન્સી) પુણે, તા.૨૬ ।

ન્યૂઝીલેન્ડ ક્રિકેટ ટીમે ઈતિહાસ રચી દીધો છે. પુણેમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતને ૧૧૩ રને હરાવી ત્રણ મેચની સિરીઝમાં ૨-૦ની અજેય સરસાઈ મેળવી લીધી છે. આ સાથે ભારતે ૧૨ વર્ષ બાદ ઘરઆંગણે ટેસ્ટ સિરીઝ ગુમાવી છે. ટોમ લાથમની આગેવાનીમાં બિનઅનુભવી ન્યૂઝીલેન્ડે ઈતિહાસના પાનામાં પોતાનું નામ નોંધાવી દીધું છે. પુણે ટેસ્ટ જીતવા માટે ભારતને ૩૫૯ રનનો ટાર્ગેટ મળ્યો હતો. જેના જવાબમાં ભારતીય ટીમ ૨૪૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી.

બીજી ઈનિંગમાં ભારતની સામે ટેસ્ટ મેચ જીતવા માટે પહાડ જેવો ટાર્ગેટ મળ્યો હતો. ભારતે જરૂર સારી શરૂઆત કરી હતી. ખાસ કરીને યશસ્વી જાયસવાલે કમાલની બેટિંગ કરી હતી. પરંતુ કેપ્ટન રોહિત શર્મા ફરી સસ્તામાં આઉટ થઈ ગયો હતો. રોહિત શર્મા ૮ રન બનાવી પેવેલિયન પરત ફર્યો હતો. યશસ્વી જાયસવાલે આક્રમક બેટિંગ કરતા માત્ર ૬૫ બોલમાં ૭૭ રન ફટકાર્યા હતા. યશસ્વીએ પોતાની ઈનિંગમાં ૯ ચોગ્ગા અને ત્રણ સિક્સ ફટકારી હતી. જાયસ્વાલ મિચેલ સેન્ટરનો શિકાર બન્યો હતો. ભારતે ૯૬ રનના સ્કોર પર બીજી વિકેટ ગુમાવી હતી. શુભમન ગિલ ૨૩ રન બનાવી આઉટ થયો હતો. ત્યારબાદ રિષભ પંત પણ શૂન્ય રને રનઆઉટ થઈ ગયો હતો. વિરાટ કોહલીએ જરૂર ૪૦ બોલ રમ્યા પરંતુ તે પણ ૧૭ રન બનાવી પેવેલિયન પરત ફરી ગયો હતો. જ્યારે સરફરાઝ ખાન ૯, વોશિંગટન સુંદર ૨૧ રન બનાવી પેવેલિયન પરત ફર્યા હતા. આર અશ્વિને ૧૮ રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડના લેફ્ટ આર્મ સ્પીનર મિચેલ સેન્ટનરે ભારતીય ટીમની કમર તોડી દીધી હતી. પ્રથમ ઈનિંગમાં ૫૩ રન આપી ૭ વિકેટ લીધા બાદ બીજી ઈનિંગમાં પણ સેન્ટનર સામે ભારતીય બેટરોનો ધબડકો થયો હતો. સેન્ટનરે બીજી ઈનિંગમાં પણ ૬ વિકેટ લીધી હતી. મેચમાં ત્રીજા દિવસે ન્યૂઝીલેન્ડની ટીમ પ્રથમ સત્રમાં પોતાની બીજી ઈનિંગમાં ૨૫૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. પ્રથમ ઈનિંગની ૧૦૩ રનની લીડ સાથે ભારતને જીત માટે વિપક્ષી ટીમે ૩૫૯ રનનો લક્ષ્ય આપ્યો હતો. બીજી ઈનિંગમાં ન્યૂઝીલેન્ડ તરફથી ટોમ લાથમે સૌથી વધુ ૮૬ રન ફટકાર્યા હતા. જ્યારે ભારત તરફથી સુંદરે ૪, જાડેજાએ ત્રણ અને અશ્વિને બે વિકેટ લીધી હતી. ન્યૂઝીલેન્ડની ટીમે પ્રથમ ઈનિંગમાં ૨૫૯ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ માત્ર ૧૫૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પ્રથમ ઈનિંગમાં ભારતીય બેટરોનો ધબડકો થયો હતો. ભારત તરફથી માત્ર રવિન્દ્ર જાડેજાએ સૌથી વધુ ૩૮ રન બનાવ્યા હતા. કોહલી ૧ તો રોહિત શૂન્ય રન બનાવી આઉટ થયા હતા.



### આ ભૂલોને કારણે પૂણે ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ સામે હાર્યું ભારત

**ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમની શરૂઆત ખરાબ રહી. પ્રથમ ઇનિંગ્સમાં યશસ્વી જયસવાલ જ્યાં ૩૦ રન બનાવીને આઉટ થયો, ત્યાં ભારતીય કેપ્ટન રોહિત શર્મા ખાતું ખોલ્યા વિના પેવેલિયન પરત ફર્યા હતા. બંને વચ્ચે ૧૮ બોલમાં માત્ર એક રનની ભાગીદારી થઈ હતી. જ્યારે બીજી ઇનિંગ્સમાં યશસ્વી જયસવાલ અને રોહિત શર્માની ઓપનિંગ જોડી વચ્ચે માત્ર ૩૪ રનની ભાગીદારી થઈ. મોટા સ્કોરનો પીછો કરતાં ખરાબ શરૂઆતનું દબાણ મિડલ ઓર્ડર પર પડ્યું. ભારતીય ટીમના મજબૂત બેટ્સમેનોમાં સામેલ વિરાટ કોહલી લાંબા સમયથી મોટી ઇનિંગ્સ રમી શક્યા નથી.**

## દિલ્હીના ભાજપના નેતાની અચાનક તબિયત લથડી

# વીરેન્દ્ર સચદેવાની તબિયત બગડતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દિલ્હી ભાજપના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાની તબિયત આજે અચાનક બગડી હતી. જે બાદ તેમને આરએમએલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે તેમને સ્કિન ઈન્ફેક્શનની સાથે તેમને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી થઈ રહી છે. આ સમાચાર ત્યારે આવ્યા કે, જ્યારે વીરેન્દ્ર સચદેવાએ હાલમાં જ યમુના નદીના ગંદા પાણીમાં ડુબકી લગાવી હતી. વીરેન્દ્ર સચદેવાએ આ ડુબકી વિરોધ પ્રદર્શન દરમિયાન લગાવી હતી. અને ડુબકી મારતાં વખતની તસવીર પણ સામે આવી હતી. માહિતી પ્રમાણે એવું કહેવામાં આવી રહ્યું છે કે, યમુનામાં ડૂબકી માર્યા બાદ વીરેન્દ્ર સચદેવાને શરીરમાં ખંજવાળ અને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. જે બાદ તેમને તરત આજે આરએમએલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ પહેલા વીરેન્દ્ર સચદેવાની તબિયત અંગે માહિતી આપતાં દિલ્હી ભાજપે કહ્યું કે, યમુનામાં ડૂબકી માર્યા બાદ તેમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પાર્ટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું, બપોરથી જ વીરેન્દ્ર સચદેવાને ચામડી પર લાલ ચકામા, ખંજવાળ અને શ્વાસ લેવામાં થોડી તકલીફ થઈ રહી છે. તે બાદ તેમને RML હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હાલમાં ડોક્ટરોએ ચેકઅપ કરીને તેમને ત્રણ દિવસની દવા આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, દિવાળીના થોડા દિવસો બાદ મનાવવામાં આવતાં છઠ પર્વ પહેલા નદીમાં ભારે પ્રદૂષણ અને ઝેરી ફીણના મુદ્દે આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે આરોપ-પ્રત્યારોપ કરવામાં આવ્યા હતા. વીરેન્દ્ર સચદેવાએ બુધવારે કેજરીવાલને યમુનામાં ડૂબકી મારવાનો પડકાર ફેંકતા કહ્યું કે, પૂર્વ મુખ્યમંત્રીએ દિલ્હીના લોકોને વચન આપ્યું હતું કે તેઓ ૨૦૨૫ની છઠ પૂજા પહેલા યમુનાની સફાઈ કરશે, જેથી લોકો નદીમાં સ્નાન કરી શકે.

ભાજપ દ્વારા ITO નજીક AX ઘાટ પાસે એક મંચ બનાવ્યો અને તેના પર લાલ જાજમ પાથરવામાં આવી હતી, અને બે ખુરશીઓ મુકી જેના પર આતિશી અને કેજરીવાલના નામ લખ્યા હતા.

## મુંબઈ-કંડલા રૂટની સ્પાઈસ જેટની ફલાઈટને બોંબથી ઉડાવી દેવાની ધમકી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ફલાઈટમાં બોમ્બની ધમકી હોવાના કોલનો સીલસીલો હજી શમ્યો લાગતો નથી. જેમાં ગુજરાતની વધુ એક ફલાઈટમાં બોમ્બ હોવાની ધમકીને પગલે દોડધામ મચી ગઈ હતી. જેમાં કંડલા એરપોર્ટ પર પોલીસનો કાફલો જમા તઈ ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. દેશભરમાં છેલ્લા કેટલાક દિવસોથી ડોમેસ્ટિક તથા ઈન્ટરનેશનલ ફલાઈટ્સને બોમ્બ મૂકાયાની પોકળ ધમકીઓ અપાવાનો સિલસિલો ચાલુ છે. તેમાં આજે સ્પાઈસ જેટ એરલાઈન્સના એક્સ એકાઉન્ટમાં મુંબઈ – કંડલા ફલાઈટને બોંબથી ઉડાવી દેવાની ધમકી મળતા પૂર્વ કચ્છ પોલીસ દ્વારા કંડલા એરપોર્ટ ખાતે તપાસ હાથ ધરવામાં આવી છે. મુંબઈ કંડલા સહિત વધુ ૮૫ ફલાઈટ્સને આવી ધમકીઓ મળી હતી. આ સાથે છેલ્લા દસ દિવસમાં આ પ્રકારે ૨૫૦થી વધુ ફલાઈટ્સને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળતાં દેશભરમાં વિમાની સેવાઓ પર માઠી અસર પડી રહી છે.એરલાઈન્સ કંપનીઓ ને મળી રહેલી બૉમ્બની ધમકીના પગલે વિમાનનાં ઈમરજન્સી લેન્ડિંગ અને ઉતરાણ પછી આઈસોલેટ કરી ચેકિંગને લીધે વિમાની પ્રવાસીઓના કલાકો વેડફાઈ રહ્યા છે અને સમગ્ર સિવિલ એવિયેશન સેક્ટરને કરોડોનું નુકસાન થઈ રહ્યું છે.

## મહેસાણામાં આંગડિયા પેઢીની રેકી કરતા બે રિઢા ગુનેગાર ઝબ્બે

। (એજન્સી) મહેસાણા, તા.૨૬ ।

મહેસાણાના માલગોડાઉનમાં આંગડિયા પેઢીની રેકી કરતા બે રિઢા ગુનેગારને બી ડિવિઝન પોલીસે ઝડપી લીધા હતા. શહેરના રાધનપુર રોડ પર કારનો કાચ તોડી રૂ.૫૦ હજારની ચોરીનો ભેદ પણ ઉકેલાયો હતો. મહેસાણા બી ડિવિઝન PI એન.એસ.ઘેટિયાની સૂચનાથી PSII આર.બી. ચૌહાણ, HC મહેન્દ્રકુમાર સહિત સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે માલગોડાઉનમાં મોઢે રૂમાલ બાંધીને ટોપી પહેરીને આગડિયા પેઢી આસપાસ ફરતા બે શંકાસ્પદ શખ્સોને પોલીસની હાજરીની શંકા જતાં નંબર પ્લેટ વગરનું બાઈક લઈને નીકળવા જતાં પોલીસે ઝડપી લીધા હતા. તેમની પાસેના થેલામાંથી એક ડીસમીસ તથા કાચ તોડવા માટેનું અણીદાર ટી-પાનુ તથા એક બાઈકની આરસી બુક મળી આવી હતી. આ શખ્સોએ ચોરી કરવાના ઈરાદે આંગડિયા પેઢીની રેકી કરતા હોવાનું તેમજ અગાઉ રાધનપુર રોડ પર તુલસી પાર્ટીપ્લોટ આગળ કારના કાચ તોડી રૂ.૫૦ હજાર ભરેલા લેડિઝ પર્સની ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું. જે અંગે બી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાયેલો છે. પોલીસે બંનેની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બંદોબસ્ત દરમિયાન સટોડિયાની ધરપકડ । આરોપીઓના ફોનમાંથી મળેલા સટ્ટાના આઇડી બાબતે પણ પોલીસે તપાસ શરૂ કરી છે

# વુમન વન ડે સિરિઝમાં લાઇવ સટ્ટો રમતા ત્રણને પોલીસે ઝડપી લીધા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હાલ વુમન વન ડે સિરિઝ ચાલી રહી છે. આ સિરિઝની ઈન્ડિયા અને ન્યુઝીલેન્ડની મેચ ચાલી રહી હતી ત્યારે પ્રેક્ષકના સ્વાંગમાં રહેલા સટોડિયાઓ પર પોલીસે ખાસ વોચ ગોઠવી હતી. મેચ દરમિયાનમાં પોલીસે સ્ટેડિયમમાં બેસીને લાઈવ ક્રિકેટ મેચ સટ્ટો રમતા ત્રણ સટોડિયાઓને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે. આરોપીઓના ફોનમાંથી મળેલા સટ્ટાના આઈડી બાબતે પણ પોલીસે તપાસ શરૂ કરી છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વુમન વન ડે સિરિઝ મેચ ચાલી રહી છે. જેમાં ગુરુવારે યોજાયેલી ઈન્ડિયા અને ન્યુઝીલેન્ડની મેચમાં પ્રેક્ષકોના સ્વાંગમાં અનેક સટોડિયાઓ ઘૂસી ગયા હતા. પરંતુ અગાઉ સ્ટેડિયમમાં યોજાયેલી મેચના બંદોબસ્તના અનુભવ પ્રમાણે ચાંદખેડા પોલીસે પહેલેથી જ એલર્ટ હતી. પોલીસને શંકા હતી જ કે લાઈવ સટ્ટો રમતા લોકો પણ ઘૂસી શકે છે. જેથી પોલીસે શંકાસ્પદ લોકો પર એક ટીમને વોચ રાખવા સૂચના આપી હતી. તેવામાં ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઈ નિકુંજ સોલંકીની ટીમે સ્ટેડિયમમાંથી કુલ ત્રણ સટોડિયાઓને લાઈવ સટ્ટો રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે ડી બ્લોક પાસેથી યોગેશ નાનવાણી (રહે. શીવ ટાવર, સોરાબજી કમ્પાઉન્ડ)ને ઓનલાઈન સટ્ટો રમતા ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીના ફોનમાંથી મળી આવેલા આઈડી બાબતે તપાસ હાથ ધરી છે. જ્યારે સી બ્લોક પાસેથી મોહમંદ અબરેજ આદિલ મોહમંદ (રહે. જી. અલીગઢ, ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી હતી. જે આરોપી પાસેથી પોલીસે સટ્ટો રમવાના પાંચ આઈડી મેળવી તપાસ તેજ કરી છે. જ્યારે બી બ્લોકમાંથી મૂળ સુરેન્દ્રનગરના અને હાલ ગોતામાં રહેતા અક્ષિત રાવલને લાઈવ મેચનો સટ્ટો રમતા ઝડપી પાડ્યો હતો. પોલીસે ૩ આરોપીની ધરપકડ કરી ત્યારે ફોનમાંથી સટ્ટાના આઈડી મળ્યા હતા. જે આઈડી બાબતે આરોપીઓની પૂછપરછ કરાતા આરોપીઓએ સોશિયલ મીડિયામાં આવતી વેબસાઈટોમાંથી આઈડી મેળવ્યા હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે તે તમામ ચેનલ બાબતે તપાસ તેજ કરી છે.

### રાજકોટની શરમજનક ઘટના

# ફૂલ જેવી બાળાના શરીર સાથે ૯૨ વર્ષના નરાધમ વયોવૃધ્ધે કર્યા અડપલાં

### રાજકોટના રેલનગરમાં બનેલી ચોંકાવનારી ઘટના પ્ર.નગર પોલીસે આરોપીની ધરપકડ કરી

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

સભ્ય સમાજનું માથું શરમથી ઝુકી જાય તેવી વધુ એક ઘટના રાજકોટમાં બની છે. જેમાં ૯૨ વર્ષના વયોવૃદ્ધે માત્ર ૩ વર્ષ અને ૧૧ માસની કૂમળી અને ફૂલ જેવી બાળાની જાતિય સતામણી કરી હતી. જે અંગે બાળાએ તેની માતાને ઈશારાથી જાણ કરી હતી. પરંતુ માતાને ભરોસો નહીં થતાં સીસીટીવી કેમેરા જોવડાવ્યા હતા. જેમાં નરાધમ વૃદ્ધની કરતૂતો કેદ થઈ ગઈ હતી. જેના આધારે ગઈકાલે રાત્રે બાળાના પરિવારજનોએ પ્ર.નગરના પીઆઈ બી.એમ. ઝણકાટનો સંપર્ક કરી આપવીતિ કહી હતી. જે સાંભળી પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે તત્કાળ પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપી નવલશંકર કલ્યાણજીભાઈ દેસાઈ (ઉ.વ. ૯૨)ની ધરપકડ કરી હતી. તપાસના અંતે તેને પોલીસે કોર્ટમાં રજૂ કરતાં જેલ હવાલે થયા હતા. તે પહેલાં આરોપીએ પોલીસને કહ્યું કે હું મારી છેલ્લી યાત્રા પર જાવ છું. આરોપી નવલશંકર રેલનગર વિસ્તારમાં રહે છે, ગઈકાલે સાંજે તેણે ભોગ બનનાર બાળા સાથે અડપલા કર્યા હતા. જોકે તે અંગે સંભવતઃ ભોગ બનનાર બાળાને જાણ પણ થઈ ન હતી. થોડી વાર બાદ ફરીથી તેના ગુપ્ત ભાગ પર હાથ ફેરવી અડપલા કર્યા હતા. આ વખતે ભોગ બનનાર બાળાને ન ગમ્યુ હોય કે પછી દુઃખાવો થયો હોય તેમ તેણે ઘરે જઈ માતાને ઈશારાથી જાણ કરી હતી. પરંતુ માતાને આટલા વયોવૃદ્ધ આ પ્રકારનું કૃત્ય કરે કે કેમ તે બાબતે શંકા ગઈ હતી. જેનું સમાધાન કરવા નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરતાં તેમા આરોપી નવલશંકરના કરતૂતો કેદ થઈ ગયેલા મળ્યા હતા. તેણે એક વખત નહીં પરંતુ બે-બે વખત બાળાના શરીર સાથે અડપલા કર્યાની માહિતી મળી હતી.

# કમોસમી વરસાદે ખેડૂતોની દિવાળી બગાડી, એરંડાને પહોંચાડ્યું ભારે નુકસાન

। (એજન્સી) મહેસાણા, તા.૨૬ ।

માવઠાએ ઘણા ખેડૂતોનું વર્ષ બગાડ્યું છે. મહેસાણાના ખેડૂતો એરંડા, કપાસ તેમજ બીજા રોકડિયા પાકોનું વાવેતર વધારે પ્રમાણમાં કરતા હોય છે. આ વર્ષે સમયસર પડેલા વરસાદના કારણે ખેડૂતોને વધારે ઉત્પાદનની મીટ મંડાઈ હતી. પરંતુ પાક બરાબર પાકી ગયા પછી પણ માવઠું થતા ખેડૂતોને ત્રણ-ત્રણ વાર ફરી વાવેતર કરવાની ફરજ પડી હતી. ત્રીજી વાર પણ ઘણા વિસ્તારોમાં દિવેલાનું વાવેતર ફેલ ગયું છે. જેથી ખેડૂતોને નુકસાન વેઠવાની નોબત આવી છે. ત્રણ-ત્રણ વાર કરેલું વાવેતર નિષ્ફળ ગયું. ગયા અઠવાડિયે પડેલા વરસાદના કારણે કડી તાલુકામાં પડેલા બે ઈંચ વરસાદના કારણે નીચાણવાળા ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે ત્રીજી વાર એરંડાનું વાવેતર કરેલા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા. ગયા વર્ષે પ્રતિ વીઘે સરેરાશ ૧૫ થી ૧૮ મણ જેટલું એરંડાનું ઉત્પાદન મળ્યું હતું. આ વર્ષે સારા વરસાદના કારણે ખેડૂતોએ પ્રતિ વીઘે સરેરાશ ૨૫ મણ જેટલા એરંડાના ઉત્પાદનની આશા રાખી હતી. પરંતુ દિવાળીના ટાણે વરસાદ વરસતા ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ખાવડ ગામે એરંડા, ડાંગર તેમજ ઓછા પ્રમાણમાં કપાસનું વાવેતર કરવામાં આવેલું છે, પરંતુ આ વર્ષે પડેલા અનિયમિત વરસાદના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. એરંડાના પાકમાં ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં બે વારનું વાવેતર ખેડૂતોને કરવાની ફરજ પડી છે. ઘણા ખેડૂતોએ ત્રણ વાર વાવેતર કરેલું છે. ખાવડ ગામના ખેડૂત પટેલ વિજયભાઈએ 'લોકલ ૧૮'ને જણાવ્યું કે, "આ વર્ષે પડેલા વરસાદના કારણે ખેડૂતોને એરંડાના પાકમાં ત્રણ વાર વાવેતર કરવું પડ્યું હતું. જેમાં ૮ હજાર જેટલો ખર્ચો પડ્યો હતો, પરંતુ તેમાં નહીંવત ઉત્પાદન મળ્યું હતું." બીજા ખેડૂત નવનીતભાઈ પટેલે જણાવ્યું હતું કે, "આ વર્ષે ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. કારણ કે મોટાભાગના પાકોમાં નુકસાની જોવા મળી રહી છે. અમે સરકાર પાસેથી યોગ્ય વળતરની આશા સેવી રહ્યા છીએ." ખાવડ ગામે આ વર્ષે ૨૦૦ વીઘામાં વાવેતર થયેલું હતું.

### નજીવી બાબતે એક ફાયરિંગની ઘટના સામે આવી

# મોરબીમાં હચમચાવતી ફાયરિંગની ઘટના, એકનું મોત અને સાત ઈજાગ્રસ્ત

। (એજન્સી) મોરબી, તા.૨૬ ।

મોરબી શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. તેના પાછળનું કારણ છે કે શહેરમાં નજીવી બાબતે ફાયરિંગ જેવી ગંભીર ઘટના બની છે. જેને લઈને આ મુદ્દો હાલ જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. શહેરના માળિયા મી. ના વાગડીયા ઝાંપે આ ફાયરિંગની ઘટના બની છે. જેમાં બે બાળકો વચ્ચે થયેલી માથાકૂટ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હોવાનું સામે આવ્યું છે.

આ ઘટનામાં એક સગીર સહિત કુલ સાત વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેથી તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે એક વ્યક્તિનું આ ઘટનામાં કરુણ મોત નિપજ્યું છે. જેના કારણે તેના પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હોય તેવી સર્જાઈ છે. ઘટનાને લઈને પોલીસ પણ દોડતી થઈ ગઈ છે અને સમગ્ર મામલે પોલીસે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની જો વિગતવાર વાત કરીએ તો બાળકો વચ્ચે કોઈ નજીવી બાબતે માથાકૂટ થઈ હતી. જેમાં કુલ ૭ ઈસમો દ્વારા ફાયરિંગ કર્યું હોવાનું ભોગ બનનારે જણાવ્યું છે. ઘટનામાં કુલ ૭ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે આ ઘટના હાલ જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઉઠ્યા છે.

ઉલ્લેખનીય છે કે, આ ફાયરિંગની ઘટનામાં એક વ્યક્તિનું કરુણ મોત નિપજ્યું છે. જેથી તેના પરિવારમાં શોકનો માહોલ ફેલાઈ ગયો છે. બીજી તરફ ઘટનાની જાણ થતાં જ પોલીસ પણ તુરંત એક્શન મોડમાં આવી ગઈ અને પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### હવામાં પ્રદૂષણના પ્રમાણનો આંક ૨૦૦થી વધુ હોય તો લોકોના આરોગ્યને નુકસાન થાય

# વિકાસની ગતિ તરફ દોડતા અમદાવાદની હવા બની ઝેરી!

### આતાશબાજી આ વખતે અમદાવાદની હવાને વધારે બગાડશે તે નક્કી છે કારણ કે અમદાવાદ દિવસેને દિવસે પ્રદૂષિત બની રહ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

દિવાળી પહેલા અમદાવાદના વિવિધ વિસ્તારોના એર ક્વોલિટી વણસવાની શરૂઆત થઈ ગઈ છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના આંકડા મુજબ ચાંદખેડા, એરપોર્ટ અને રાયખડ જેવા વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૦૦ને પાર કરી ગયો હતો.

હવામાં પ્રદૂષણના પ્રમાણનો આંક ૨૦૦થી વધુ હોય તો લોકોના આરોગ્યને નુકસાન થાય છે. એક ક્વોલિટી ઈન્ડેક્સ ૨૦૦ કે તેથી ઉપર જાય ત્યારે હવા ઝેરી બને છે અને શ્વાસની તકલીફ ધરાવતા તેમજ અસ્થમા અને હૃદય રોગના દર્દીઓ માટે જોખમ ઊભું થાય છે. સામાન્ય રીતે AQI 100થી નીચે હોય તો સારી હવા હોવાનો નિર્દેશ છે. પરંતુ અમદાવાદમાં તો એક પણ સ્થળનું AQI 100થી નીચે નથી. ત્યારે હવે આવનાર દિવસમાં શું પગલા લેવામાં આવે છે તેની પર સૌની નજર છે.

અમદાવાદ પણ દિલ્લી તરફ આગળ વધી રહ્યું હોય તેવું હાલ તો લાગી રહ્યું છે. કારણ કે અમદાવાદની હવા પણ દિલ્લી માફક સતત બગડી રહી છે. શહેરના અનેક વિસ્તારમાં AQI 100ને પાર જતો રહ્યો. AQI 100ને પાર જાય એનો સીધો મતબલ એવો થાય કે હવા સારી નથી. આ હવા સ્વચ્છ હવા ન કહેવાય. અમદાવાદમાં એરપોર્ટ વિસ્તારમાં સૌથી ખરાબ ગુણવત્તાની હવા હોવાનું સામે આવ્યું છે. સતત વધતાં વાહનો અને કંપનીના ધુમાડાને કારણે અમદાવાદની હવા બગડી રહી છે. હજુ તો દિવાળીની ઉજવણી શરૂ થઈ નથી ત્યારે જ AQI 100ને પાર જતો રહ્યો તો અમદાવાદ માટે સારા સંકેત નથી. દિવાળી પર આતાશબાજીને કારણે તો હવા વધારે ખરાબ થઈ જશે અને ઝેરી પણ બની જશે. આ હવા શ્વાસની તકલીફ વાળા દર્દીઓ માટે મોટી મુશ્કેલી સર્જી શકે છે. આમ પણ દિવાળી પર અમદાવાદની સિવિલમાં દમના દર્દીઓની સંખ્યામાં ઘણો એવો વધારો જોવા મળતો હોય છે. અમદાવાદમાં જ્યારે આ વખતે હવાની ગુણવત્તા બગડી છે અને દિવાળી નજીક છે ત્યારે અમદાવાદ સિવિલમાં કેવી તૈયારી કરાઈ છે અને ખાસ શું ધ્યાન રાખવું તેને લઈ સિવિલના સુપરીટેન્ડેન્ટ ડૉક્ટર રાકેશ જોશીએ માહિતી આપી હતી.

## લોન રિકવરીની નોટિસ મળ્યા બાદ ઘર વેર વિખેર થયું

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

સુરત શહેરના જાણીતા અને મોટું નામ ધરાવતા લાલભાઈ કોન્ટ્રાક્ટર પરિવારનો વિવાદ સામે આવ્યો છે. પરિવારના સભ્ય કનૈયાલાલ કોન્ટ્રાક્ટર પર આરોપ છે કે તેમના જ ભાઈ, ભાભી અને માતાના નામનો બોગસ પાવર ઓફ એટર્ની બનાવી પેઢીની ઓફિસ પર ૨.૯૨ કરોડની લોન લેવામાં આવી છે. જે લોનના બાકી નીકળતા ૬૭ લાખની ભરપાઈ નહિ કરતા ફાયનાન્સ કંપનીએ રિકવરી માટે મિલકત ટાંચમાં લેવા નોટિસ પાઠવી છે. જે નોટિસ આવતાની સાથે જ પરિવારના સભ્યો ચોંકી ઉઠ્યા અને આ મામલે આર્થિક ગુન્હા નિવારણ શાખા ઈકો સેલમાં ફરિયાદ આપતા પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે. મહત્વનું છે કે ફરિયાદી નૈના બેનના પતિ હેમંત કોન્ટ્રાક્ટરનું હાર્ટ એટેકના કારણે મોત થયા બાદ પરિવારના સભ્યોને ધાકધમકીઓ આપવામાં આવતી હોવાના આક્ષેપ પણ કરાયો. સુરતમાં લાલભાઈ કોન્ટ્રાક્ટર પરિવાર શહેરમાં મોટું નામ ધરાવે છે. શહેરમાં જાણીતા લાલભાઈ કોન્ટ્રાક્ટર પરિવારનો વિવાદ સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકે પોહચ્યો છે.

### મનો-દિવ્યાંગ બાળકો પણ પોતાનું આર્થિક ઉપાર્જન કરી આત્મનિર્ભર બનવાની ક્ષમતા ધરાવે તેવા હેતુથી સમાજસેવાની સરવાણી વહાવતી સંસ્થા એટલે અસ્મિતા વિકાસ કેન્દ્ર

# અસ્મિતા વિકાસ કેન્દ્ર સંસ્થાના દિવ્યાંગ બાળકો પોતાના હાથે બનાવી રહ્યા છે, અવનવા દિવડાઓ, જન્મદિવસના કાર્ડ, તોરણ સહિતની સુશોભનની વસ્તુઓ






। (માહિતી) ગાંધીનગર, તા.૨૬ ।

ઓહ.. કોણ કહે આ મનો-દિવ્યાંગ બાળકો છે, સામાન્ય લોકોને પણ પાછળ છોડે તેવી સુઝ-બુઝ અને ક્ષમતા ધરાવતા બાળકો છે. જુઓ તેમણે બનાવેલા દિવડાઓ, દીવાલો સુશોભિત કરવાના લટકણ, જન્મદીવસ માટેના ગ્રેડીંગ કાર્ડ, અવનવા રંગબેરંગી સુંદર મજાના તોરણ કે જે જોઈને બાળકોની અપ્રતિમ પ્રતિભાઓ આબેહૂબ છલકાઈ આવે છે. આપણે, વાત કરીએ ભરૂચ જિલ્લાના ત્રાલસા સ્થિત અસ્મિતા વિકાસ કેન્દ્ર, જે સતત બાળકોને અવનવી પ્રવૃત્તિઓમાં પરોવીને તેમની પ્રતિભાને બહાર લાવવા પ્રયત્નશીલ છે. દરેક ક્ષેત્રમાં આ બાળકો પોતાનનું યોગદાન આપી શકે તે માટે તમામ પ્રકારની તાલીમ આપવામાં આવી રહી છે. આ સંસ્થા દ્નારા સમાજમાં માટે સંદેશ પહોંચાડવામાં આવે છે કે આ મનો- દિવ્યાંગ બાળકો પણ પોતાનું આર્થિક ઉપાર્જન કરી આત્મનિર્ભર બનવાની ક્ષમતા ધરાવે છે. અહી ૨૦ વર્ષથી ઉપરની વયમર્યાદા ધરાવતા બાળકો માટે વ્યવસાય તાલીમ કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું છે. આ એક શેલ્ટર્ડ વર્કશોપ છે, જ્યાં બાળકો એકબીજાના પૂરક બનીને સુંદર મજાનું કાર્ય કરે છે. અહીં દિવડાઓ, દીવાલો સુશોભિત કરવાના લટકણ, વિવિધ પ્રકારની અગરબત્તી, ફાઈલો, કાપડની બેગ, કોડિયાઓ, રાખડીઓ, જન્મદિવસના કાર્ડ વગેરેનું નિર્માણ કરવામાં આવે છે. ભરૂચ જિલ્લાના અસ્મિતા વિકાસ કેન્દ્ર સંસ્થાના બાળકો પોતાના હાથે દિવડા, કોડીયા, તોરણ, દિવાલ સુશોભિત કરવા માટેના લટકણ સહિતની ખૂબ જ સુંદર વસ્તુઓ બનાવીને તેનું વેચાણ કરી રહ્યા છે. તહેવારો પ્રમાણે બાળકોને અલગ અલગ વસ્તુઓ બનાવવાનું માર્ગદર્શન આપી ઉજ્જ્વળ ભવિષ્યની અલગ જ રાહ ચીંધવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનિય છેકે, રાજ્ય સરકાર દિવ્યાંગોની સતત ચિંતા કરી રહી છે અને દિવ્યાંગજનોને સંપૂર્ણ હૂંફ અને માવજત મળી રહે તે માટે સમાજસુરક્ષા વિભાગ પણ સતત કાર્યરત છે. ત્યારે સમાજ સુરક્ષા વિભાગ ધારાધોરણો સાથે સરકારી સહાય અને તેના લાભો પુરા પાડી રહ્યું છે. આ સંસ્થામાં અમુક ટકા નિભાવ ખર્ચ સરકાર ભોગવી રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





નવી દિલ્હીમાં હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

## ન્યૂઝ બ્રિફ

### હાર્દિક પંડ્યા ટૂંક સમયમાં મોટું એલાન કરી શકે છે!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા હાલ આરામ પર છે. પરંતુ શુક્રવારે તેણે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કરી જેનાથી સનસનાટી મચી ગઈ છે. જેણે તેના ચાહકોમાં ઉત્સુકતા દીધી છે. જેથી હવે ઘણી અટકળો લગાવી રહ્યા છે.ગત વર્ષે આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સમાં તેની વાપસી કંઈ ખાસ રહી ન હતી. અને તેની કેપ્ટનશીપને લઈને ચાહકોએ ખૂબ ટીકા કરી હતી. આ સિવાય અંગત જીવનમાં પણ પત્ની નતાશા સ્તાનકોવિક સાથે છૂટાછેડા લીધા હતા. હાલમાં ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડ સામે ટેસ્ટ સીરિઝ રમી છે. આ સીરિઝમાં પંડ્યા નથી રમી રહ્યો. પંડ્યાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરી હતી જેમાં તેણે લખ્યું હતું કે, 'હું જલ્દી કંઈક મોટી જાહેરાત કરીશ.'

### મોબાઈલ ચાર્જ કરી રહ્યો હતો યુવક, અચાનક કરંટ લાગતાં મોત નીપજ્યુ

। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૬ ।

તમે તો આ ભૂલો નથી કરતા ને.... તેલંગણામાં એક યુવકને બેડમાં સૂતા સૂતા ફોન ચાર્જ થઈ શકે એ માટે પ્લગ પોઈન્ટથી તેના બેડ સુધી એક વાયર લંબાવ્યો અને તેને તેના ફોનના ચાર્જર સાથે જોડ્યો હતો. આ પછી યુવક સૂઈ ગયો. રાતે ઉંઘમાં એનો હાથ વાયરને અડી ગયો જેના કારણે તેનો જીવ જતો રહ્યો છે. તેલંગાણાના કામરેડ્ડી જિલ્લામાં મોબાઈલ ચાર્જ કરતી વખતે વીજ કરંટ લાગવાથી એક યુવકનું મોત થયું હતું. મામલો કામરેડ્ડીના સદાશિવનગર મંડલના યાચારામનો છે. ગામનો રહેવાસી ૨૩ વર્ષનો મલોથ અનિલ શુક્રવારે રાત્રે તેના મોબાઈલમાં ચાર્જિંગ ન હોવાની સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. જેને ફોનને ચાર્જ કરવાના પ્રયાસમાં પ્લગ પોઈન્ટથી તેના બેડ સુધી એક વાયર લંબાવ્યો અને તેને તેના ફોનના ચાર્જર સાથે જોડ્યો.

### બાબા સિદ્દિકીની હત્યા મામલે વધુ એકની ધરપકડ કરવામાં આવી

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને NCP નેતા બાબા સિદ્દિકીની હત્યા સંબંધમાં લુધિયાણામાંથી એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પંજાબ પોલીસ વડા ગૌરવ યાદવે ૨૬મી ઓક્ટોબરના આ માહિતી આપી હતી. પંજાબ પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યુ કે, 'પંજાબ પોલીસ અને મુંબઈ પોલીસના સંયુક્ત ઓપરેશનમાં સુજીત સુશીલ સિંહની ધરપકડ કરવામાં આવી છે. તેને મુંબઈ પોલીસને સોંપવામાં આવ્યો છે.' પંજાબ પોલીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર લખ્યુ કે, મુંબઈ પોલીસે પંજાબ પોલીસ સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને બાબા સિદ્દિકીની હત્યાના કેસમાં ફરાર સુજીત સુશીલ સિંહની ધરપકડ કરી છે. તે મુંબઈનો રહેવાસી છે.

### BBLમાં ૧૩ વર્ષ બાદ મળશે મોટી જવાબદારી?

# ક્રિકેટર ડેવિડ વોર્નર પરથી હટ્યો આજીવનનો પ્રતિબંધ

## ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમનો શાનદાર ઓપનિંગ બેટર ડેવિડ વોર્નરે આ વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમનો શાનદાર ઓપનિંગ બેટર ડેવિડ વોર્નરે આ વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું હતું. પરંતુ હવે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના એક નિર્ણયથી મોટી રાહત મળી છે. વર્ષ ૨૦૧૮માં દક્ષિણ આિ઼કાના પ્રવાસ દરમિયાન કેપટાઉન ટેસ્ટ મેચમાં ડેવિડ વોર્નરને 'સેન્ડ પેપર' કૌભાંડમાં સામેલ હોવાને લીધે તેના પર ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે દેશની કોઈપણ ટીમની કેપ્ટનશીપ કરવા પર આજીવન પ્રતિબંધ મૂક્યો હતો. હવે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે તેના પરથી આ પ્રતિબંધ હટાવી લીધો છે.હવે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના આ નિર્ણય બાદ આગામી બિગ બેશ લીગની સિઝનમાં સિડની થંડર ટીમનો હિસ્સો રહેલા ડેવિડ વોર્નર હવે કેપ્ટનશીપની જવાબદારી પણ સંભાળી શકશે.



વોર્નર અંગે બોર્ડે દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં તેણે જણાવ્યું હતું કે, 'ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના આચાર પંચે જેમાં ત્રણ સભ્યોની પેનલનો સમાવેશ થાય છે તેમણે સર્વસંમતિથી નિર્ણય લીધો હતો કે વોર્નર ૨૦૨૨માં આચાર સંહિતામાં થયેલા ફેરફારો બાદ તેના પર પ્રતિબંધ હટાવવા માટે જરૂરી માપદંડોને પૂરા કરે છે.' પેનલે આ નિર્ણય ડેવિડ વોર્નરની ભૂલની કબૂલાત અને ત્યારપછી તેના વર્તનમાં થયેલા ફેરફારને ધ્યાનમાં રાખીને લીધો છે.જ્યારે ડેવિડ વોર્નર 'સેન્ડ પેપર' કૌભાંડમાં સામેલ હતો. ત્યારે તેની સાથે સ્ટીવ સ્મિથ પણ આ સમગ્ર મામલામાં સામેલ હતો. બંને પર ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ એક-એક વર્ષનો પ્રતિબંધ મૂક્યો હતો. આ સિવાય સ્ટીવ સ્મિથ પર ૨ વર્ષ માટે કેપ્ટન બનાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો, જ્યારે વોર્નર પર ઓસ્ટ્રેલિયામાં કોઈપણ ટીમના કેપ્ટન બનાવવા પર આજીવન પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. વોર્નર તેના એક વર્ષના પ્રતિબંધના અંત પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાછો ફર્યો ત્યારે તે સતત ક્રિકેટ ઓસ્ટ્રેલિયા પાસેથી કેપ્ટનશીપ પર લાગેલા પ્રતિબંધને હટાવવાની માંગ કરી રહ્યો હતો. આ સ્થિતિમાં ૬ વર્ષના લાંબા સમય બાદ હવે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ વોર્નરને મોટી રાહત આપી છે.

### ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ સિરીઝ માટે ભારતીય ટીમ જાહેર

# આફ્રિકા સામે ટી૨૦ સિરીઝ માટે ભારતીય ટીમ જાહેર કરવામાં આવી

## ટી૨૦ ટીમની કમાન સૂર્યકુમાર યાદવને સોંપવામાં આવી છેઃ રોહિત શર્મા ઓસ્ટ્રેલિયા સામે ટીમનું નેતૃત્વ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય ક્રિકેટ બોર્ડે શુક્રવારે બોર્ડર ગાવસ્કર ટ્રોફી અને દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ ટી૨૦ સિરીઝ માટે ટીમ જાહેર કરી છે. આફ્રિકા વિરુદ્ધ ચાર મેચની ટી૨૦ સિરીઝ માટે બીસીસીઆઈએ ૧૫ સભ્યોની ટીમ પસંદ કરી છે. ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ૮ નવેમ્બરથી ટી૨૦ સિરીઝ રમાશે. દક્ષિણ આફ્રિકા સામે ટી૨૦ સિરીઝમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા, સંજૂ સેમસન સિવાય યુવા ખેલાડી તિલક વર્મા, રિંકૂ સિંહ અને કર્ણાટકના ફાસ્ટ બોલર વિશાક વિજયકુમારને તક આપવામાં આવી છે. આ સિવાય ઓસ્ટ્રેલિયા સામે પાંચ મેચની ટેસ્ટ સિરીઝ માટે પણ ટીમ જાહેર કરવામાં આવી છે. નિતીશ રેડ્ડી, હર્ષિત રાણા અને અભિમન્યુ ઈશ્વરનને ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ટેસ્ટ સિરીઝમાં તક મળી છે. બોર્ડર ગાવસ્કર ટ્રોફી




માટે કેએલ રાહુલને પણ ટીમમાં રાખવામાં આવ્યો છે. તો અન્ય ઓપનરના વિકલ્પ તરીકે અભિમન્યુ ઈશ્વરનને સામેલ કરવામાં આવ્યો છે. સ્પિનર અક્ષર પટેલને બહાર કરી દેવામાં આવ્યો છે, જ્યારે કુલદીપ યાદવ ઈજાને કારણે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જશે નહીં. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે ભારતની ટીમઃ રોહિત શર્મા (કેપ્ટન), જસપ્રિત બુમરાહ (વાઈસ-કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, અભિમન્યુ ઈશ્વરન, શુભમન ગિલ, વિરાટ કોહલી, કેએલ રાહુલ, ઋષભ પંત (વિકેટકીપર), સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ (વિકેટકીપર) રવિચંદ્રન અશ્વિન, રવિન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ, આકાશ દીપ, પ્રસિદ્ધ કૃષ્ણ, હર્ષિત રાણા, નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર. દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે ભારતીય ટીમઃ સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), સંજુ સેમસન, અભિષેક શર્મા, રિંકુ સિંહ, તિલક વર્મા, જીતેશ શર્મા, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, રમણદીપ સિંહ, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ, વિજય કુમાર, અવેશ ખાન, યશ દયાલ.

ભારત અને આફ્રિકા ટી૨૦ સિરીઝનો કાર્યક્રમ આ મુજબ પ્રથમ ટી૨૦, ૮ નવેમ્બર, બીજી ટી૨૦, ૧૦ નવેમ્બર, ત્રીજી ટી૨૦, ૧૩ નવેમ્બર, ચોથી ટી૨૦, ૧૫ નવેમ્બર, ભારત-ઓસ્ટ્રેલિયા ટેસ્ટ સિરીઝનો કાર્યક્રમ, પ્રથમ ટેસ્ટ, ૨૨-૨૬ નવેમ્બર.

### મેચમાં પાકિસ્તાની બોલરોએ કર્યું શાનદાર પ્રદર્શન

# સ્ટાર ખેલાડીઓને તગેડી મૂક્યા બાદ પાકિસ્તાની ક્રિકેટ ટીમનું ભાગ્ય ચમક્યું

## ૪ વર્ષ બાદ પાકિસ્તાને ઘરઆંગણે જીતી ટેસ્ટ સીરિઝ

। (એજન્સી) રાવલપિંડી, તા.૨૬ ।

હાલમાં પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની ટેસ્ટ સીરિઝની છેલ્લી મેચ રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં પાકિસ્તાને ૯ વિકેટે મેચ જીતી લીધી હતી. મેચના ત્રીજા દિવસે પાકિસ્તાનને જીતવા માટે ૩૬ રનનો ટાર્ગેટ મળ્યો હતો. જે પાકિસ્તાની ટીમે સરળતાથી હાંસલ કરી લીધો હતો. આ દરમિયાન પાકિસ્તાનની એકમાત્ર વિકેટ સૈમ અયુબના રૂપમાં પડી હતી. આ જીત સાથે પાકિસ્તાને ત્રણ મેચની ટેસ્ટ સીરિઝ ૨-૧થી જીતી લીધી હતી. પાકિસ્તાની ક્રિકેટ ટીમે વર્ષ ૨૦૨૧ પછી પહેલીવાર ઘરઆંગણે ટેસ્ટ સીરિઝ જીતી હતી. સાથે જ નવેમ્બર ૨૦૧૫ પછી ઈંગ્લેન્ડ સામે પાકિસ્તાને પહેલી વખત ટેસ્ટ સીરિઝમાં વિજય મેળવ્યો હતો. આવું બીજીવાર જ થયું છે કે જ્યારે પાકિસ્તાને પહેલો ટેસ્ટ હાર્યા બાદ ૩ મેચની ટેસ્ટ સીરિઝમાં જીત મેળવી હોય. આ પહેલા વર્ષ ૧૯૯૫માં ઝિમ્બાબ્વે સામે આવું થયું હતું. પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચેની સીરિઝની પહેલી બે મેચ મુલતાનમાં રમાઈ હતી. જેમાં પહેલી ટેસ્ટમાં ઈંગ્લેન્ડનો એક ઈનિંગ અને ૪૭ રને વિજય થયો હતો. પાકિસ્તાને બીજી ટેસ્ટ મેચ ૧૫૨ રને જીતી લીધી હતી. આ મેચમાં ઈંગ્લેન્ડની બીજી ઈનિંગ માત્ર ૧૧૨ના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. ઈંગ્લેન્ડ માટે બીજી ઈનિંગમાં જો રૂટે સૌથી વધુ ૩૩ રન અને હેરી બ્રુકે ૨૬ રન બનાવ્યા હતા. પાકિસ્તાન તરફથી ડાબોડી સ્પીનર?? નોમાન અલીએ ૬ વિકેટ ઝડપી હતી. જ્યારે ઓફ સ્પિનર ??સાજિદ ખાને ચાર વિકેટ મેળવી હતી. બીજી રીતે જોઈએ તો મેચમાં સાજિદ ખાને ૧૦ અને નોમાન અલીએ ૯ વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડની ટીમે મેચમાં ટોસ જીતીને પહેલા બેટિંગ કરતા ૨૬૭ રણ બનાવ્યા હતા. જવાબમાં પાકિસ્તાનના સઉદ શકીલે સદી ફટકારીને ટીમનો સ્કોર ૩૪૪ સુધી લઈ ગયો હતો.

### ચેન્નાઈ સુપર કિંગ્સના CEO કાશી વિશ્વનાથને જણાવ્યું

# ધોનીએ હજુ એ વાતની પુષ્ટિ કરી નથી કે તે આગામી સીઝનમાં રમશે કે નહીં

## ફ્રેન્ચાઇઝીને આશા છે કે ધોની ઉપલબ્ધ રહેશે અને તેને અનકેપ્ડ ખેલાડી તરીકે રિટેન રાખવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

આગામી IPL 2025નું મેગા ઓક્શન નવેમ્બર મહિનાના અંતમાં યોજાઈ શકે છે. આ સીઝનમાં એમએસ ધોનીને લઈને ચેન્નાઈ સુપર કિંગ્સના CEO કાશી વિશ્વનાથને જણાવ્યું છે કે, 'ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ હજુ સુધી એ વાતની પુષ્ટિ કરી નથી કે તે આગામી સીઝનમાં રમશે કે નહીં. ફ્રેન્ચાઈઝીને આશા છે કે ધોની ઉપલબ્ધ રહેશે અને તેને અનકેપ્ડ ખેલાડી તરીકે રિટેન રાખવામાં આવશે. પરંતુ આ અંગે અંતિમ નિર્ણય માત્ર ધોનીએ લેવાનો છે.' તાજેતરમાં જાહેર થયેલા IPLના નવા નિયમો અનુસાર ચેન્નાઈ એમએસ ધોનીને અનકેપ્ડ ખેલાડી તરીકે ટીમમાં રાખી શકે છે. જો કે આ અંગે ટીમ તરફથી હજુ સુધી કોઈ અપડેટ આવ્યું નથી. છેલ્લી IPL સીઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સે ઋતુરાજ ગાયકવાડની કેપ્ટનશીપ હેઠળ IPL 2023નો ખિતાબ જીત્યો હતો. આ પછી આગામી સીઝન માટે ઋતુરાજ ગાયકવાડને ટીમનું સુકાન સોંપવામાં આવ્યું હતું. જો કે ગત સિઝનમાં ટીમ પ્લેઓફ માટે ક્વોલિફાઈ થઈ શકી ન હતી. ચેન્નાઈ તેની છેલ્લી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે હારી ગઈ હતી. એમએસ ધોની ૫ વખત IPLનો ખિતાબ જીતી ચૂકેલી ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)ના અનકેપ્ડ ખેલાડી તરીકે આગામી IPLમાં રમી શકે છે. BCCIએ તેના પહેલાના નિયમને ફરીથી દાખલ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં ૫ વર્ષ પહેલા ભારતીય ટીમમાંથી નિવૃત્ત થયેલા ખેલાડીઓ અનકેપ્ડ પ્લેયર તરીકે ઓક્શનમાં ભાગ લઈ શકશે. વર્ષ ૨૦૨૦માં ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. પરંતુ આગાઉ તેણે ભારત માટે પોતાની છેલ્લી મેચ વર્ષ ૨૦૧૯માં રમી હતી.

# કોલ્ડપ્લે અને દિલજીતના કોન્સર્ટની ટિકિટની કાળાબજારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ કોલ્ડપ્લે અને દિલજીત દોસાંઝના દિલલુમિનાટી કોન્સર્ટની ટિકિટોના ગેરકાયદેસર વેચાણ મામલે દિલ્હી, મુંબઈ, જયપુર, ચંદીગઢ, બેંગ્લોરમાં દરોડા પાડ્યા છે. દિલજીત દોસાંઝના શોનું નામ છે 'દિલલુમિનાટી' અને કોલ્ડપ્લેના શોનું નામ છે 'મ્યુઝિક ઓફ ધ સ્ફેયર્સ વર્લ્ડ ટૂર'છે. બંને કોન્સર્ટના મુખ્ય સત્તાવાર ટિકિટિંગ પાર્ટનર, Bookmyshow અને Zomato Liveએ જણાવ્યું છે કે તેમના પ્લેટફોર્મ પરની તમામ ટિકિટો થોડી જ મિનિટોમાં વેચાઈ ગઈ હતી. જેના કારણે ટિકિટની કાળાબજારી શરૂ થઈ છે. ટિકિટના ઝડપી વેચાણ બાદ નકલી ટિકિટના વેચાણ દ્વારા



છેતરપિંડીની અનેક ફરિયાદો સામે આવી રહી છે. ઘણા લોકોને જાણવા મળ્યું કે તેઓને નકલી ટિકિટો વેચવામાં આવી હતી અથવા કાયદેસર ટિકિટો માટે તેમની પાસેથી વધુ પડતી રકમ વસૂલવામાં આવી હતી.આ અંગે ઘણા રાજ્યોમાં ઘણી FIR નોંધવામાં આવી છે. BookMyShowએ પણ ઘણા શંકસ્પદો વિરુદ્ધ FIR દાખલ કરી છે. EDએ મની લોન્ડરિંગ હેઠળ આ મામલે તપાસ હાથ ધરી છે. ૨૫ ઓક્ટોબરના રોજ ૫ રાજ્યો દિલ્હી, મુંબઈ, જયપુર, બેંગલુરુ અને ચંદીગઢમાં ૧૩ થી વધુ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન મોબાઈલ ફોન, લેપટોપ, સીમકાર્ડ જેવી ઘણી વાંધાજનક સામગ્રી જપ્ત કરવામાં આવી છે. આ કાર્યવાહીનો ઉદ્દેશ્ય ટિકિટોની કાળાબજારી અને આ કૌભાંડમાં સામેલ નાણાકીય નેટવર્કની તપાસ કરવાનો અને આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાંથી કમાયેલા ગુનાની આવકને શોધી કાઢવાનો છે. EDની તપાસમાં જાણવા મળ્યું છે કે, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને ટેલિગ્રામનો ઉપયોગ કરીને નકલી ટિકિટ વેચવામાં આવી રહી હતી. ફેડરલ એજન્સીએ કહ્યું કે, ટિકિટ સામાન્ય રીતે Zomato, BookMyShow અને અન્ય પ્લેટફોર્મ પર ઉપલબ્ધ હોય છે. પરંતુ જ્યારે માગ વધારે હોય છે, ત્યારે આ ટિકિટો ઝડપથી વેચાઈ જાય છે, જેના કારણે લોકોને વૈકલ્પિક સ્ત્રોતોની તલાશ કરવી પડે છે. EDએ એક નિવેદનમાં કહ્યું કે, ED દ્વારા પાડવામાં આવેલા દરોડા અને તપાસમાં એવા ઘણા લોકોની જાણ થઈ છે જેઓ ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને ટેલિગ્રામનો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા દ્વારા આવી ટિકિટો પ્રદાન કરવા માટે જાણીતા છે. તેમાં નકલી ટિકિટો પણ સામેલ છે. તેમાં જણાવવામાં આવ્યું કે, ટિકિટ વેચાણ કૌભાંડમાં વપરાયેલ મોબાઈલ ફોન, લેપટોપ, સિમ કાર્ડ વગેરે જેવી ઘણી સામગ્રી જપ્ત કરવામાં આવી છે જે ક્રાઈમને સાબિત કરે છે.

### કેજરીવાલ MVA ઉમેદવારો માટે કરશે પ્રચાર

# મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી નહીં લડે AAP



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

આમ આદમી પાર્ટીએ જાહેરાત કરી છે કે AAP મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી નહીં લડે. પાર્ટી દ્વારા કહેવામાં આવ્યું હતું કે AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ મહાવિકાસ અઘાડીના ઉમેદવારો માટે પ્રચાર કરશે. આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે તેમના એક્સ હેન્ડલ પર લખ્યું છે કે પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ મહારાષ્ટ્ર ચૂંટણીમાં MVA ઉમેદવારો માટે પ્રચાર કરશે. આમ આદમી પાર્ટી મહારાષ્ટ્રમાં ચૂંટણી નહીં લડે. જો કે આ પહેલા ચર્ચા હતી કે આમ આદમી પાર્ટી મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી લડી શકે છે. જો રિપોર્ટ્સનું માનીએ તો પાર્ટી એક સીટ પર પોતાનો ઉમેદવાર ઉતારવાની યોજના બનાવી રહી હતી. AAP માલબાર હિલથી પોતાનો ઉમેદવાર ઉતારવાની યોજના બનાવી રહી હતી. જો કે હવે પાર્ટી દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે કે તે મહારાષ્ટ્રની ચૂંટણી નહીં લડે. મહારાષ્ટ્રની ૨૮૮ વિધાનસભા બેઠકો પર ૨૦ નવેમ્બરે એક તબક્કામાં મતદાન અને ત્યારબાદ ૨૩ નવેમ્બરે મતગણતરી બાદ પરિણામ જાહેર કરવામાં આવશે. હાલમાં, મહાયુત ગઠબંધન (એટલે કે ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી) સત્તામાં છે. આ વખતે મહાવિકાસ આઘાડી (કોંગ્રેસ, શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે અને એનસીપી શરદચંદ્ર પવાર) પણ સત્તાની કમાન ફરીથી મેળવવાનો પ્રયાસ કરી રહી છે. હવે જોવાનું એ રહેશે કે આ વખતે જનતા ક્યાં ગઠબંધન પર ભરોસો વ્યક્ત કરે છે. ઉદ્ધવ ઠાકરેની પાર્ટી શિવસેના (UBT) એ બુધવારે (૨૩ ઓક્ટોબર) મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ૬૫ બેઠકો માટે ઉમેદવારોની પ્રથમ યાદી બહાર પાડી હતી. આ યાદીમાં પાર્ટીએ થાણેની કોપરી-પંચપખારી સીટ પર કેદાર દિઘેને ટિકિટ આપી છે. આ મહારાષ્ટ્રની હૉટ સીટ છે કારણ કે અહીંથી સીએમ એકનાથ શિંદે ચૂંટણી લડી રહ્યા છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈ તમામ પક્ષો પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી રહ્યા છે. કોંગ્રેસે પણ આજે ૨૩ ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

## તંત્રી લેખ...

# જીવન જીવવાનો સાચો અનુભવ શિખામણથી પ્રાપ્ત થાય છે

મનુષ્યના જીવનમાં જે પણ પરેશાની, બાધા, દુઃખ, સંતાપ, પીડા, અભાવ આવે છે, તે મોટાભાગે તેમના માટે કોઈ બીજાને જ દોષી ઠેરવે છે. જ્યારે તમામ દુઃખ-સુખ, શાંતિ-અશાંતિ, લાભ-હાનિ પાછળ કર્મ ફળનું વિધાન છે. કર્મનું ફળ ઈશ્વરીય વિધાન અનુસાર નિશ્ચિત રૂપે પ્રાપ્ત થાય છે. પાપ અને ખરાબ કર્મનું ફળ દુઃખ છે અને પુણ્ય કર્મોનું ફળ સુખ, આનંદ, શાંતિ, ખુશી, સમૃદ્ધિ, પદ, પ્રતિષ્ઠા છે. જીવનમાં દુઃખ-સુખનો ક્રમ નિરંતર ચાલતો રહે છે. જ્યારે દુઃખની ઘડી જીવનમાં આવે છે, ત્યારે જ આપણનને જીવન જીવવાનો સાચો અનુભવ અને શિખામણ પ્રાપ્ત થાય છે અને પોતાના અને પારકાની ઓળખ પણ થઈ શકે છે. પ્રતિકૂળ સમય મનુષ્યની માનસિકતા, સમજને વધારે છે. મોટાભાગે લોકો પ્રતિકૂળ સમયમાં ભયભીત થાય છે અને ગભરાઈને પોતાની ધીરજ ગુમાવી દે છે. આ એ મનુષ્યની કાયરતા છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં જે સંઘર્ષરત રહે છે, તે જ શૂરવીર અને કાળજયી કહેવાય છે. જ્ઞાની મનુષ્ય દુઃખ-સુખમાં સમ સ્થિતિમાં રહે છે. તે દુઃખમાં નથી દુઃખી થતો કે ના સુખમાં છકી જાય છે. પોતાની જીવનની ગાડીને પરમાત્માને સોંપી દે છે, ચાહે પરમાત્મા જે રીતે તેના જીવનની ગાડીને ચલાવે. તે સદાય પરમાત્માના નિર્દેશના પાલનમાં પોતાનું જીવન જીવવાનું કર્તવ્ય અને દાયિત્વ સમજે છે. ભગવાન વિષ્ણુના અવતાર શ્રીરામના જીવનમાં પણ દુઃખ આવ્યાં તાં. માતા સીતાને ગર્ભાવસ્થામાં વનમાં રહેવું પડ્યું. તેમણે તેના માટે કોઈને દોષી ન ઠેરવ્યા. અજ્ઞાની જન વનગમનના વિષયમાં કૈકેયી અને મંથરાને દોષી ઠેરવે છે, જ્યારે પદ્મપુરાણમાં વર્ણિત છે કે મા સીતા પર એક શુક પક્ષની હાયનો પ્રકોપ હતો. શ્રીરામને વિશ્વમોહિની સ્વયંવર દરમ્યાન દેવર્ષિ નારદનો શાપ હતો. રાજા દશરથને પુત્ર વિયોગનો શાપ શ્રવણકુમારના પિતા તરફથી મળ્યો હતો. તેથી દુઃખ, સુખ પોતાના કર્મોનાં ફળ છે. તેના માટે કોઈને દોષી ઠેરવવા અજ્ઞાનતા છે, જે વિવાદ અને દ્વેષને વધારે છે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

## સળગતી ચિતા કરતાં મનની ચિંતા વધારે બાળે છે

ગુજરાતી ભાષાના શબ્દોની દ્દ્ષ્ટિએ જોઈએ તો ચિતા અને ચિંતા શબ્દ વચ્ચે ફક્ત એક અનુસ્વારનો જ ફરક છે, આ અનુસ્વારને કારણે જ બન્ને શબ્દોના અર્થ જુદા જુદા નિકળે છે. ચિતા એટલે સ્મશાનમાં શબને સૂવડાવીને અગ્નિદાહ આપવાની જગા, જ્યારે ચિંતા એટલે માનસિક તનાવ કે સંતાપ.

ચિંતા શબ્દ ઘણો નાનો છે, પરંતુ તેમાં રહેલો ભેદ બહુ મોટો છે. આજે દુનિયાના તમામ મનુષ્યોને સતાવતો કોઈ વ્યાધિ હોય તો તે ચિંતા છે. આજના આધુનિક, વિકસીત અને ધમાલિયા યુગમાં , કોઈ પણ માણસ ચિંતાથી પર હશે નહીં. નાના, મોટા, તવંગર કે ગરીબ, માલિક કે મજૂર, શિક્ષિત કે નિરક્ષર, સ્ત્રી હોય કે પુરૂષ દરેકને કોઈ ને કોઈ પ્રકારની ચિંતા જરૂરથી સતાવતી હશે. ચિંતા એ એક એવી ધુમાડા વગરની આગ છે કે, જેમાં માનવીની આખી જિંદગી બળીને ખાક થઇ જાય છે. ચિંતા માત્ર બે જ અક્ષરોથી બનેલો શબ્દ છે, પરંતુ એ માનવીને પૂરેપૂરો કોતરી નાંખે છે.ખરેખર તો ચિંતા એ માનવીના મન સાથે જોડાયેલી વ્યથા છે. દુનિયાના દરેક વ્યક્તિને આજની નહીં પરંતુ આવતીકાલની ચિંતા વધારે સતાવે છે. કોઈપણ વ્યક્તિ એનો ભૂતકાળ પાછો મેળવી શકતો નથી, વર્તમાનમાં સારી રીતે જીવી શકતો નથી અને ભવિષ્ય વિશે જાણતો નથી, છતાંય ભવિષ્યની ચિંતા કરીને નાહકનો દુઃખી થાય છે. જે ઘટના હજુ ઘટી નથી એના વિશે વિચારોનાં ઘોડા દોડાવી ખોટી ચિંતાઓના પોટલાં પોતાના માથા પર બાંધે છે. પશુ પક્ષીઓને કદીપણ આવતીકાલની ચિંતા હોતી જ નથી, તેથી તેઓ શાંતિથી જીવન ગુજારે છે, જ્યારે મનુષ્યોમાં ઈશ્વરે વિચારશક્તિ, બુદ્ધિ, મોહ, માયા, મમતા, લોભ, લાલચ વિગેરે ગુણો મૂક્યાં છે તેથી માનવી હંમેશા પોતાનો વર્તમાન બગાડી અત્યંત દુઃખી થવા લાગ્યો છે.

સળગતી ચિતા કરતાં મનની ચિંતા વધારે ખતરનાક છે, કારણકે ચિતા તો મૃત વ્યક્તિના શરીરને બાળી નાંખે છે, જ્યારે ચિંતા તો જીવતાં મનુષ્યોને પણ બાળી નાંખે છે.

હકીકતમાં ચિંતા માનવીના મનમાં ખોટા ડર, ભય કે વ્હેમથી જ પેદા થતી હોય છે. ભય હંમેશા માત્ર ને માત્ર ભ્રામક ધારણાઓ કે બીનજરૂરી તર્કમાંથી જ ઉત્પન્ન થાય છે. ચિંતા કરવાથી માનવીની બુદ્ધિ બહેર મારી જાય છે અને તેની નિર્ણયશક્તિ ખલાસ થઈ જાય છે. ચિંતાઓ કરવાથી માણસ અંદરથી પડી ભાંગે છે, એનું માનસિક સંતુલન ગુમાવી બેસે છે અને મનોવિકારનો શિકાર બની જાય છે.આજના માનવીને જાતજાતની ચિંતાઓ સતાવતી હોય છે, જેવી કે કોઈને નોકરીની ચિંતા, કોઈને છોકરાં ભણાવવાની ચિંતા, કોઈને નાણાંની ચિંતા, કોઈને ઘરડાં મા-બાપની ચિંતા, કોઈને સંતાનોનાં લગ્ન કરાવવાની ચિંતા, કોઈને લૂંટાઈ જવાની ચિંતા વિગેરે વિગેરે. વધારે પડતી ચિંતા કરવાથી માનવી તનાવગ્રસ્ત બની જાય છે અને એની સીધી અસર એના સ્વાસ્થ્ય ઉપર પડે છે. માનવી જ્યારે ચિંતાગ્રસ્ત હોય ત્યારે એનું મન વ્યગ્ર અને બહાવરૂ બની જાય છે અને તે કોઈ યોગ્ય કે અટલ નિર્ણય લઈ શકતો નથી. તનાવને કારણે ક્યારેક માનવી અવળા માર્ગે ચડી જાય છે કે આત્મહત્યા જેવાં પગલાં પણ ભરી નાંખે છે.

દરેક માણસ પછી તે નાનો હોય કે મોટો એ કોઈને કોઈ ચિંતાથી ચોક્કસ ઘેરાયલો હશે.ચિંતા કરવાથી માણસની રાતોની નિંદર પણ હરામ થઈ જાય છે. ચિંતાઓથી માનવીએ દૂર રહેવું હોય તો ખોટાં, ભ્રામક, બીનજરૂરી, અતાર્કિક વિચારોનો ત્યાગ કરવો પડશે. ચિંતન, મનને, યોગ, પ્રાણાયામ, ભજન, કીર્તન વિગેરે કરવાં જોઈએ, જેથી મન શાંત અને પ્રફુલ્લિત રહેશે. માનવી જ્યારે મૃત્યુ પામે છે ત્યારે પણ ચિંતાઓનું પોટલું પોતાની સાથે લઈને જ જાય છે. માનવીના શબને તો સળગતી ચિતા એકવાર બાળીને ભસ્મ કરી નાંખે છે, જ્યારે ચિંતાની આગ માનવીને જીવનપર્યંત બાળતી રહે છે.

**સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ગુજરાતમાં નડિયાદના એક સામાન્ય ખેડુતના ઘરમાં ૩૧મી ઓક્ટોમ્બર, ૧૮૭૫માં થયો હતો**

# દેશ આજે જ્ઞાતિ, ધર્મ કે સંપત્તિ જેવા પરિબળોને કારણે વિભાજીત થઈ રહ્યો છે! એ શું યોગ્ય છે??



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**વલ્લભભાઇને ખેડૂતો પ્રત્યે ખુબ જ પ્રેમ હતો, તેથી તેઓએ ખેડૂતો માટે ખુબ જ સારા કાર્યો કર્યા હતાં, જ્યારે ૧૯૨૮માં સરકારે ખેડૂતો પર જમીનને લગતો ટેક્સ નાંખ્યો ત્યારે તેઓએ ખેડૂતોને સત્યાગ્રહ માટે તૈયાર કર્યા અને તે ટેક્સ ભરવાની મનાઇ કરી દીધી, તેઓએ ખેડૂતો સાથે મળીને બારડોલી સત્યાગ્રહ કર્યો હતો.**

દરેક મહિનાની કોઈ ને કોઈ વિશેષતા છે, અને ઓક્ટોબરમાં તો આવી બે વિશેષતા આવે છે! ઉપરથી બંને વિશેષતા રાષ્ટ્રપ્રેમ જાગૃત કરે છે, ૨ ઓક્ટોબર એ ગાંધી જયંતી અને ૩૧ ઓક્ટોબર એ સરદાર વલ્લભભાઈ પટેલ જયંતી, અને બંને ગુજરાતી છે! બંનેનું દેશની આઝાદીમાં સારું એવું યોગદાન રહ્યું છે. આમ તો બધાં દિવાળીના તહેવારોમાં પડ્યા છે, અને આ વખતે ૩૧ ઓક્ટોબરને દિવસે જ દિવાળીનું પ્રકાશ પર્વ આવે છે. સરદાર વલ્લભભાઈ પટેલને આપણે સૌ લોખંડી પુરુષ તરીકે ઓળખી છીએ! તેઓ કહેતા શરીરે ભલે દૂબળાં હો પણ કાળજું હંમેશા સિંહનું રાખો! કારણકે સત્ય માટેનો અવાજ પણ સિંહ જેવો બુલંદ હોવો જોઈએ. આઝાદ ભારતના નાના મોટા રજવાડાઓને એકત્રિત કરીને એક દેશની સ્થાપના કરી, અને એટલે ૩૧ ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ગુજરાતમાં નડિયાદના એક સામાન્ય ખેડુતના ઘરમાં ૩૧મી ઓક્ટોમ્બર, ૧૮૭૫માં થયો હતો. તેમના માતા-પિતા ખુબ જ ધાર્મિક હતાં. વલ્લભભાઈએ તેમનું શિક્ષણ ગુજરાતીમાં જ લીધું હતું. માત્ર ૧૮ વર્ષની ઉંમરે તેમના લગ્ન ૧૩ વર્ષની ઝવેરબા સાથે થયા અને માત્ર ૩૩ વર્ષમાં ઝવેરબા બે સંતાન મુકીને આ દુનિયામાંથી વિદાય થયા! અને છતાં આ પુરુષે લગ્ન ન કરવાનો નિર્ણય કર્યો. તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ હતાં અને બંને વચ્ચે ગજબ ભાતૃપ્રેમ હતો. ઝવેરબા ના અંતિમ સમયે તેઓ આઝાદીની ચળવળમાં હતાં અને અંતિમ સમયે હાજર ન રહી શક્યાનો ડંખ એમને જીંદગીભર રહ્યો. ૧૯૧૦માં વકીલાત માટે ઈગ્લેંડ ગયાં હતાં. ૧૯૧૩માં તેઓને વકીલની પદવી મળ્યા બાદ ભારત પાછા ફર્યા હતાં. ત્યાર બાદ તેઓ ગાંધીજીથી પ્રભાવીત થઈને આઝાદીની ચળવળ માટે તેમની સાથે જોડાઈ ગયાં હતાં. ગાંધીજી અને સરદાર વલ્લભભાઈનો સંબંધ ગુરુ-શિષ્ય જેવો હતો. વલ્લભભાઈને ખેડૂતો પ્રત્યે ખુબ જ પ્રેમ હતો. તેથી તેઓએ ખેડૂતો માટે ખુબ જ સારા કાર્યો કર્યા હતાં. જ્યારે ૧૯૨૮માં સરકારે ખેડૂતો પર જમીનને લગતો ટેક્સ નાંખ્યો ત્યારે તેઓએ ખેડૂતોને સત્યાગ્રહ માટે તૈયાર કર્યા અને તે ટેક્સ ભરવાની મનાઈ કરી દીધી. તેઓએ ખેડૂતો સાથે મળીને બારડોલી સત્યાગ્રહ કર્યો હતો. તેથી સરકારે વલ્લભભાઈને અને ખેડૂતોને પણ જેલમાં પુરી દીધા હતાં. ત્યારથી ગાંધીજીએ તેમને 'સરદાર'નું બીરુદ આપ્યુ હતું. ૧૯૩૦માં જ્યારે ગાંધીજીએ મીઠા માટે સત્યાગ્રહ કર્યો હતો ત્યારે તેમાં પણ વલ્લભભાઇ તેમની સાથે હતાં. ૧૯૪૨માં ગાંધીજીએ 'ભારત છોડો' આંદોલન શરૂ કર્યું ત્યારે પણ બ્રીટીશ સરકારની વિરુધ્ધ વલ્લભભાઈ તેમની સાથે હતાં તેથી બ્રીટીશ સરકારે ગાંધીજી, જવાહરલાલ સહિત વલ્લભભાઈને પણ જેલમાં પુરી દીધા હતાં. તેઓ પોતાના દેશ માટે ઘણી વખત જેલમાં ગયાં હતાં. તેઓ જ્યારે જેલમાં હતાં તે સમયે જ તેઓના માતા પિતાનું મૃત્યું થઈ ગયું હતું છતાં પણ તેઓ સહેજ પણ ન્હોતા ડગ્યાં. આઝાદ ભારતને પણ બ્રિટિશ શાસન જેવું સેવાકીય અને કાયદાકીય કામગીરીનું એક સુવ્યવસ્થિત સુંદર માળખું મળી રહે એ મા,ટે સરદાર વલ્લભભાઈ પટેલ જ સીવીલ સર્વિસ ડેની હિમાયત કરી હતી, અને સૌ પ્રથમ વખત ભારતનાં ગૃહ પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ આ કાર્યક્રમ દિલ્હીના મેટકાફ હાઉસ ખાતે યોજાયો હતો.સરદાર વલ્લભભાઈ પટેલે દિલ્હી ખાતે અખિલ ભારતીય વહીવટી સેવા તાલીમ શાળામાં પ્રોબેશનરી અધિકારીઓને સંબોધિત કર્યા હતાં, અને ત્યારથી ૨૧ એપ્રિલને રાષ્ટ્રીય નાગરિક સેવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેમણે અહીં ખૂબ પ્રભાવી ભાષણ આપ્યું હતું, અને સનદી અધિકારીઓને ભૂતકાળના અનુભવોને છોડીને રાષ્ટ્રની સેવા કરવાની સાચી ભૂમિકા નિભાવવા માટે સમજાવ્યા હતાં. તેમના ભાષણમાં તેમણે સનદી અધિકારીઓને 'ભારતની સ્ટીલ ફ્રેમ' ગણાવી હતી. એમણે કહ્યું હતું કે હકીકતમાં તો આ બધાં સરકારી કર્મચારીઓ કે જેઓ વિવિધ વિભાગોમાં અથવા સરકારના વિવિધ ક્ષેત્રોમાં વિવિધ સ્તરે એટલે પદ પર રહી જનતા માટે કામ કરી રહ્યા છે. તેઓ જ દેશની વહીવટી વ્યવસ્થાના સાચાં સહાયક સ્તંભ તરીકે કામ કરે છે, અને એટલે જ દેશમાં વ્યવસ્થા બની રહે છે, આમ કહીને એમની કામગીરીને બિરદાવી પુરસ્કારિત કરી અને આજે પણ દેશમાં એ જ રીતે વ્યવસ્થા ગોઠવાયેલી છે! હાં એ એકવાત જુદી છે કે હવે ભાગ્યે જ કોઈ નાગરિક સેવાને ઉપર રાખી પોતાનું કર્તવ્ય કરે છે! ભ્રષ્ટાચાર ઉંધઈ જેમ બધે જ પ્રસરી ગયો છે. સૌનાં હૃદયમાં સરદાર વલ્લભભાઈ પટેલની યાદને કાયમ જીવંત રાખતી સ્ટેચયુ ઓફ યુનિટીની પ્રતિમા આપણા દેશની એકતાનું પ્રતીક છે. દેશના પ્રેરણાપુરુષ, દેશના ઘડવૈયા સરદાર પટેલ દ્વારા દેશ માટે કરવામાં આવેલી અમૂલ્ય કામગીરીની યાદમાં બનાવવામાં આવી છે. નર્મદાકિનારે આવેલા કેવડિયા નજીક ગિરિમાળાઓ વચ્ચે આવેલા સાધુબેટ પર તે ઊભી કરવામાં આવી છે. આ પ્રતિમા ૧૮૨ મીટર ઊંચી છે. તેના નિર્માણની શરૂઆત ૧૩ ઓકટોબર ૨૦૧૩ના રોજ થઈ હતી. આ આખા પ્રોજેકટનો ખર્ચ ૩૦૦૦ કરોડ રૂપિયા થયો હતો. આ પ્રતિમાના નિર્માણનો હેતુ એ છે કે સરદાર પટેલના એકતા, રાષ્ટ્રવાદ અને સુશાસન જેવા સિદ્ધાંતો આવનારી પેઢી માટે પ્રેરક બને. વિશ્વની આ સૌથી ઊંચી પ્રતિમા છે. તે વિશ્વની અદ્ભુત અજાયબી જ બની ગઈ છે તેમ સમજોને. અત્યાર સુધી ૫૦ લાખથી વધુ સહેલાણીઓ આ સ્મારકની મુલાકાત લઈ ચૂક્યા છે. આ પ્રતિમાનું ઉદ્ઘાટન ૩૧મી ઓકટોબર ૨૦૧૮ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું. તેઓનુ મૃત્યું ૧૯૫૦માં ૧૫ ડીસેમ્બરે બોમ્બેમાં થયુ હતું, અને ત્યારે તે નાયબ વડાપ્રધાનનું પદ ધરાવતા હોવા છતાં પણ એની સંપત્તિ પૂરાં ૩૦૦ પણ ન્હોતાં! એક રેંટિયો અને બીજી પરચૂરણ વસ્તુ સિવાય કંઈ જ હતું નહીં. વિચારો આજે જે નેતાઓ મોંઘી મોંઘી ગાડીઓમાં ફરે છે, અને લગભગ કરોડોની મિલકત મેળવવા પહેલાં તો પ્રજાનું કોઈ કામ થતું જ નથી! તે સમયે જાણે કે ગુજરાતને કોઈ મહાન યોધ્ધો ગુમાવ્યો હોય તેટલો આઘાત લાગ્યો હતો. ગુજરાતમાં આવા મહાન પુરૂષો પહેલાં પણ હતાં અને આજે પણ છે અને હંમેશા થતાં આવશે. પણ બીજા સરદાર વલ્લભભાઈ પટેલ ક્યારે મળશે તે ખબર નથી. કારણ કે ૫૬૨ રજવાડાઓ પાસેથી એનું રાજ્ય લેવું અને એક દેશની રચના કરવી એ ખરેખર બહુ જ અઘરી જવાબદારી હતી! અને એ જવાબદારી એમણે બખૂબી નિભાવી.પણ ગાંધીજીની જેમ જ લોકો એને પણ જયંતી એ જ યાદ કરે છે, બાકી આવા મહાનુભવોને લીધે જ આજે ગુજરાતનો જયજયકાર થઈ રહ્યો છે! એ સત્ય યાદ રાખવા જેવું ખરું! તો જીવનમાં દેશહિત કે સમાજ કલ્યાણના ધ્યેય માટે લોખંડ જેવા સરદાર વલ્લભભાઈ પટેલ ને એમની ૧૫૦ મી જન્મજયંતિ એ કોટી કોટી પ્રણામ અને આપણાં સૌમાં આવો જ દેશપ્રેમ બની રહે! જે પુરુષ એ દેશને એક કરવા જીંદગી ખર્ચી નાખી એ જ દેશને આપણે આજે જ્ઞાતિ, ધર્મ કે સંપત્તિ જેવા પરિબળોને કારણે વિભાજીત કરી રહ્યા છીએ એ શું યોગ્ય છે?? વિચારો... જય હિન્દ.

**શરીર મરવાથી મુક્તિ મળતી નથી, પણ મન મરવાથી મુક્તિ મળે છે, આત્માને મુક્ત કરવાનો નથી, એ તો મુક્ત જ છે**

# સમાધિમાં સર્વ વિષયોમાંથી મન હઠી જાય છે, ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે, નિદ્રામાં પણ તેવું જ થાય છે, તેથી નિદ્રામાં આનંદ આવે છે



વિશેષ
યશપાલસિંહ ડી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પરમાત્મા આનંદ સ્વરૂપ છે, મન સંસારના વિષયો સાથે એક થતું નથી, કારણ સંસાર જડ છે અને મન જડ નથી, પણ અર્ધચેતન છે, સજાતીયમાં જ સજાતીય મળે, આથી મન ઈશ્વર સિવાય કોઇની સાથે અભિન્ન થતું નથી, એક થતું નથી, સંસારના વિષયોમાં રચ્યોપચ્યો રહેતો હોય તે પણ કો'ક વખત તો એનાથી ઘૃણા અનુભવે છે, એવી ઘૃણા કાયમ ટકે તો બેડો પાર થઈ જાય, મનુષ્યને વૈરાગ્ય આવે છે.**

કમળ જેમ પાણીથી અલિપ્ત રહે છે, તેમ જ્ઞાની પુરુષોની અંદર સંસાર રહેતો નથી. જગત ન દેખાય એટલા માટે જ્ઞાની પુરુષો આંખ બંધ કરીને બેસે છે, પણ જગત એવું છે કે, આંખ બંધ કર્યા છતાં પણ દેખાય છે. આંખ બંધ થતાં અંદરનો સંસાર શરૂ થાય છે. બહારનો સંસાર ભક્તિમાં વિઘ્ન કરતો નથી પણ જે સંસાર મનમાં છે તે વિઘ્ન કરે છે. નાવડી રહે છે જળમાં પણ નાવડી માં જળ આવે તો તે ડૂબી જાય છે તેમ જ્ઞાની પુરુષો સાવધ રહે છે કે બહારનો સંસાર મનમાં આવે નહીં સંસાર બાધક થતો નથી,પણ વિષયોનું ચિંતન કરતાં વિષયોમાં ચિંતન કરતાં વિષયોમાં જે આસક્તિ ઉત્પન્ન થાય છે તે બાધક થાય છે.દશ્ય પદાર્થમાંથી દૃષ્ટિ હટી જાય અને દૃષ્ટામાં દ્રષ્ટિ સ્થિર થાય, ત્યારે આનંદ મળે છે. દશ્યના દૃષ્ટાને સાક્ષી કહે છે. દૃષ્ટા એ દુઃખ રૂપ છે. દૃષ્ટા માત્ર આનંદ રૂપ છે. લૌકિક નામરૂપમાં આસક્તિ એ માયા. અલૌકિક નામરૂપમાં આસકિતએ ભક્તિ. ભાવના વગર ભક્તિમાર્ગમાં સિદ્ધિ મળતી નથી. શરીર મરવાથી મુક્તિ મળતી નથી, પણ મન મરવાથી મુક્તિ મળે છે. આત્માને મુક્ત કરવાનો નથી,એ તો મુક્ત જ છે. સંસારના સર્વ વિષયોમાં મન હટી જાય અને ઈશ્વર સાથે એકરૂપ થઈ જાય એ મુક્તિ. પરમાત્મા આનંદ સ્વરૂપ છે. મન સંસારના વિષયો સાથે એક થતું નથી. કારણ સંસાર જડ છે અને મન જડ નથી, પણ અર્ધચેતન છે. સજાતીયમાં જ સજાતીય મળે. આથી મન ઈશ્વર સિવાય કોઈની સાથે અભિન્ન થતું નથી, એક થતું નથી. સંસારના વિષયોમાં રચ્યોપચ્યો રહેતો હોય તે પણ કો'ક વખત તો એનાથી ધૃણા અનુભવે છે. એવી ધૃણા કાયમ ટકે તો બેડો પાર થઈ જાય. મનુષ્યને વૈરાગ્ય આવે છે. પણ માયા એવી છે કે,તે વૈરાગ્યને ટકવા દેતી નથી. મન ગમે તેટલું વિષયોમાં રમે,તો પણ સંસારના જડ પદાર્થ સાથે એ એક થઈ શકતું નથી. ફક્ત ઈશ્વર સાથે જ મન એકાકાર થઈ શકે છે. કારણ કે મન કેવળ જડ નથી, અર્ધચેતન પણ છે. પૂર્વજન્મનું શરીર મરી ગયું છે, પણ પૂર્વજન્મનું મન લઈ આ શરીર આવ્યું છે અને મર્યા પછી આ મન જ તમારી સાથે આવવાનું છે. સ્ત્રી, પુત્ર, કુટુંબ તમારી સાથે આવશે નહીં, તો જે તમારી સાથે આવવાનું છે તેની કાળજી રાખો અને બીજામાંથી આસક્તિ ઓછી કરો. જીવાત્મા મનનો આશ્રય કરીને વિષયોને ભોગવે છે એટલે એ મનને સાચવી લો.સંસારની કોઈ વસ્તુ બગડે કે નાશ થાય તો બીજી વસ્તુ મળશે,પણ મન બગડી જાય તો બજારમાં બીજું મન મળશે નહીં. વિષયોમાં જવાથી મન મરતું નથી, પરંતુ આ જ મન ઈશ્વરનું ચિંતન કરે, દયાન કરે તો તે ઈશ્વરને પ્રાપ્ત કરી શકે છે. ઈશ્વરની સાથે એક થઈ જાય ત્યારે મન મરે છે. કોઇના ગુરુ થવાની ઈચ્છા ન રાખશો.તમારે ગુરુ થવું હોય તો તમારા મનના ગુરુ થાવ. તમારી મનને જ ઉપદેશ આપો અને એને તમારો પાકો ચેલો બનાવો. એને ફરી ફરી કહો, બચ્ચા, મન ભક્તિ માર્ગે ચાલે તો તને પ્રભુ મળશે. સંસારમાં જે નિંદ્ય છે તે છોડ અને જે વંદ્ય છે તેનું સેવન કર. પછી જો જો ચમત્કાર! આ લાડુમાં ઝેર છે એમ કોઈ કહે તો તે લાડુ તમે ખાશો નહીં. તેમ મનને સમજાવો કે આ સંસારના વિષયો માં ઝેર છે, તું ખાઇશ નહીં. ખાઇશ તો તું દુઃખી થઈશ. આમ બીજાના ગુરુ થવાનો મોહ છોડી નિજ મનના ગુરુ બનો. પોતાના ગુરુ થવું એનો અર્થ સર્વના શિષ્ય થવું. દત્તાત્રેયની પેઠે સર્વને ગુરુ ભાવથી જોતાં થાઓ તો ક્યાંય બંધન નહીં દેખાય. મન સંસારના વિષયોનું ચિંતન કરે છે અને સંસારમાં ફસાય છે. તે સંસારના વિષયોનું ચિંતન છોડી દે તો મુક્તિ છે. નિદ્રામાં મન નિર્વિષય બને છે. એટલે નિદ્રામાં આનંદનો અનુભવ થાય છે.નિદ્રા અને સમાધિમાં તફાવત છે, પરંતુ સામ્ય પણ ઘણું છે.સમાધિમાં સર્વ વિષયોમાંથી મન હઠી જાય છે, ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. તેમ નિદ્રામાં પણ મન સંસારના સર્વ વિષયોમાંથી હટી જાય છે તેથી નિદ્રામાં આનંદ આવે છે,પરંતુ મન નિદ્રામાં સંપૂર્ણ નિર્વિષય થઈ જતું નથી. જો તે મન પૂર્ણ નિર્વિષય થઈ જાય તો તેને સમાધિ કહે છે. નિંદ્રાનું સુખ તામસી સુખ છે. નિદ્રામાં હુંપણું-અહમ્ બાકી રહી જાય છે. અહંભાવનો લય થતો નથી,ત્યારે સમાધિમાં અહંભાવનો પણ લય થાય છે અને હુંપણું રહેતું નથી. યોગીઓ આત્મસ્વરૂપ માં મનનો લય કરે છે. મનને કોઈ વિષય ન આપો એટલે તે આત્મસ્વરૂપમાં મળી જાય છે. મન આત્મસ્વરૂપ માં લય થાય એટલે મુક્તિ મળે છે. વિષયોના ચિંતનથી મન જીવે છે અને વિષયોનો ત્યાગ કરવાથી મન મરી જાય છે.સંસારના વિષયોમાંથી મન હટી જાય એટલે મન શાંત બને છે. દીવામાંનું તેલ જ્યારે ખૂટી જાય છે ત્યારે દીવો શાંત થાય છે. તેમ મનમાં સંસાર ન રહે ત્યારે મન શાંત થાય છે. મનને કોઈ આધાર જોઈએ. મનને પ્રતિ કૂળ વિષયોમાં થી અનુકૂળ વિષયો માં લઈ જાવ એ જ મન તમને મુક્તિ નો આનંદ આપનારું બનશે. નિદ્રામાં સર્વનો વિનાશ થાય છે, પણ અહંકારનો વિનાશ થતો નથી નિદ્રામાં અહંભાવ મૂલાતો નથી, સમાધિમાં અહંભાવ ભૂલાય છે. સમાધિમાં નામ અને રૂપ ભૂલાય છે. સમાધિના બે પ્રકાર છેઃજડ સમાધિ અને ચેતન સમાધિ. યોગી મનને બળાત્કારથી વશ કરી પ્રાણ ના બ્રહ્મરંધ્રમાં સ્થાપન કરે છે. એ જડ સમાધિ છે, પરંતુ મન ઉપર બળાત્કાર કર્યા વગર પ્રેમથી સમજાવીને તેને વિષયોમાંથી હટાવી લેવું એ ચેતન સમાધિ છે. વિશ્વામિત્રની સમાધિ જડ હતી. સાઠ હજાર વર્ષ તપ કર્યું, છતાં મેનકાને જોઈને તેમનું મન લલચાયું હતું. બળાત્કારે રાખેલું મન ક્યાં સુધી કાબૂમાં રહે? માટે સમાધિ સહજ હોવી જોઈએ. એવી સહજ સમાધિ શ્રીકૃષ્ણ લીલામાં છે. કનૈયાની વાંસળી સાંભળી ગોપીઓ સહજ સમાધિ નો અનુભવ કરે છે.શ્રીકૃષ્ણ કથા નું વર્ણન કરતાં આંખો ઊઘાડી હોવા છતાં સમાધિ લાગે છે. ગોપીઓએ કદી નાક પકડી સમાધિ લગાવવાનો પ્રયત્ન કર્યો નથી. તેમની તો હાલતાં-ચાલતાં સૂતાં-બેસતાં સર્વત્ર, સર્વ કાળે સમાધિ જ લાગેલી રહે છે. તેઓને આપો આપ સમાધિ લાગે છે. આ ભોગી શરીર યોગાભ્યાસ કરી શકે નહીં. ભોગી યોગી થવા જાય તો યોગી થવાને બદલે રોગી થઈ જાય. યોગનું પહેલું સાધન છે બ્રહ્મચર્ય.એ બ્રહ્મચર્યનું પાલન કર્યા વગર કોઈ યોગ સિદ્ધ કરવા જાય તો ખાડામાં પડે. પણ શ્રીકૃષ્ણ કથા એવી છે કે, જેથી અનાયાસે જગત ભૂલાય છે. જગતમાં રહીને જગતને ભૂલવું છે. એનું એકમાત્ર સાધન શ્રી કૃષ્ણ કથા છે.પ્રત્યક્ષ પ્રમાણ મોજૂદ છે. પરીક્ષિતને સાત જ દિવસમાં મુક્તિ મળી છે. સાત દિવસમાં પરીક્ષિત રાજા જગતને ભૂલી જાય છે અને શ્રીકૃષ્ણમાં તેનું મન તન્મય થાય છે. વાચક ચાહક મિત્રો,દિવાળીના તહેવારોને આડે હવે ગણતરીના દિવસ બાકી રહ્યા છે. પરંતુ સતત બીજા વર્ષે દિવાળીની ઉજવણી ક્યારે કરવી તેને લઈને ગૂંચવણ સર્જાઈ છે. આ વખતે વારાણસી અને ઉજ્જૈન-મથુરા-વૃંદાવન -નાથદ્વારા-દ્વારક અને તિરુપતિમાં એકત્રીસ ઓક્ટોબરે જ્યારે અયોધ્યા-રામેશ્વરમાં પહેલી નવેમ્બરના રોજ દિવાળીની ઉજવણી કરવામાં આવે તેવી સંભાવના છે. આમ, દિવાળીની ઉજવણી ક્યારે કરવી તેને લઈને જ્યોતિષાચાર્યો- શાસ્ત્રવિદોમાં પણ મતભેદની સ્થિતિ છે. ગત વર્ષે પણ પડતર દિવસને લીધે દિવાળીની ઉજવણી ક્યારે કરવી તેને લઈને દ્વિધા સર્જાઈ હતી. હવે આ વખતે ફરી એક વખત આ જ સ્થિતિનું નિર્માણ થયું છે. અયોધ્યામાં રામ મંદિરના મુખ્ય પુજારી આચાર્ય સત્યેન્દ્ર દાસના મતે લોકો કોઈ ભ્રમમાં પડ્યા વિના પહેલી નવેમ્બરના જ દિવાળીની ઉજવણી કરે. અનેક લોકો અલગ-અલગ તિથિ લખી નાખે છે. અમારી ગણતરી પ્રમાણે પહેલી નવેમ્બરે જ દિવાળી મનાવાશે. બીજી તરફ ઉજ્જૈનના જ્યોતિષાચાર્યોને મતે આ વર્ષે એકત્રીસમી ઓક્ટોબરે જ દિવાળી મનાવવી શ્રેષ્ઠ છે. લક્ષ્મી પૂજા માટે સાંજનો સમય હોવો જરૂરી હોય છે. એકત્રીસમી ઓક્ટોબરે સંધ્યા કાળના સમયે અમાસ છે અને એટલે આ દિવસે જ દિવાળી મનાવવી જોઈએ. બનારસ હિન્દુ મહાવિશ્વ વિદ્યાલયના જ્યોતિષ વિભાગના મતે પહેલી નવેમ્બરે દિવાળી છે જ નહીં અને અમારી ગણતરી પ્રમાણે એકત્રીસમી ઓક્ટોબરે જ દિવાળી ઉજવાવી જોઈએ. આ અંગે જ્યોતિષી અગ્નિનિદત્ત પદ્મનાભ અગ્નિહોત્રીએ જણાવ્યું કે, "એકત્રીસમી ઓક્ટોબરે સાંજે ચાર વાગ્યાથી અમાસ છે. દિવાળીએ રાતનો તહેવાર છે અને જેના કારણે એકત્રીસમીએ જ દિવાળીની ઉજવણી કરવી જોઈએ.અસ્તુ. જય શ્રી રામ.

### વિક્રાંત મેસીની 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મનું શાનદાર ટીઝર થયું રિલીઝ

# ગોધરાની ઘટનાનું સાચું સત્ય હવે બહાર આવશે




**આ અસરકારક પોસ્ટર ૨૦૦૨ની દુર્ઘટના દર્શાવે છે જેણે સમગ્ર દેશને અંદરથી હચમચાવી દીધો હતો**

'ધ સાબરમતી રિપોર્ટ' એ વર્ષની બહુપ્રતિક્ષિત ફિલ્મોમાંની એક છે. વિક્રાંત મેસીની ફિલ્મના નિર્માતાઓએ ગઈ કાલે ફિલ્મનું અદ્ભુત પોસ્ટર રિલીઝ કર્યું હતું, જેનાથી ચાહકોનો ઉત્સાહ વધી ગયો હતો. આ ફિલ્મ ભારતીય ઈતિહાસની એક મહત્વપૂર્ણ ઘટના પર આધારિત વાર્તા પર આધારિત છે. જેના વિશે વધુ જાણવા માટે લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.આ અસરકારક પોસ્ટર ૨૦૦૨ ની દુર્ઘટના દર્શાવે છે જેણે સમગ્ર દેશને અંદરથી હચમચાવી દીધો હતો. હવે આખરે મેકર્સે આજે આ ફિલ્મનું ટીઝર પણ રિલીઝ કર્યું છે. જે અગાઉ જે માનવામાં આવતું હતું તેને પડકારે છે અને એક ઘટનાના ઊંડા સત્યને ઉજાગર કરે છે જેણે દેશનો માર્ગ કાયમ માટે બદલી નાખ્યો હતો. સાબરમતી રિપોર્ટનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે. આ ટીઝર લોકોની વિચારસરણી બદલી શકે છે. ટીઝર બતાવે છે કે આ ફિલ્મ દેશની એક મહત્વપૂર્ણ ઐતિહાસિક ક્ષણ સાથે જોડાયેલી છે. ટીઝર એ પણ બતાવે છે કે ફિલ્મ હિંમતભેર ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ની સવારે ગોધરા રેલ્વે સ્ટેશન નજીક સાબરમતી એક્સપ્રેસમાં જે બન્યું હતું તેનું સત્ય ઉજાગર કરવાનો પ્રયાસ કરે છે. આ ફિલ્મ કેટલાક મહત્વપૂર્ણ પ્રશ્નો પણ પૂછે છે જેમ કે - ખરેખર શું થયું? ભૂતકાળની માહિતી કોને છે? ખોટી માહિતી કોણે આપી? અને તે આજે આપણા પર કેવી અસર કરે છે?બાલાજી મોશન પિક્ચર્સે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ટીઝર રિલીઝ કર્યું અને કેપ્શનમાં લખ્યું, ''આજનું ભારત જાણે છે કે કેવી રીતે જવાબ આપવા અને પ્રશ્નો પૂછવા, સત્ય પરેશાન થઈ શકે છે પરંતુ હાર માનતું નથી.''બાલાજી ટેલિફિલ્મ્સ લિમિટેડ અને વિકિર ફિલ્મ્સ પ્રોડક્શનના વિભાગ, બાલાજી મોશન પિક્ચર્સ દ્વારા પ્રસ્તુત 'ધ સાબરમતી રિપોર્ટ'માં વિક્રાંત મેસી, રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ ધીરજ સરના દ્વારા નિર્દેશિત છે અને શોભા કપૂર, એકતા આર કપૂર, અમૂલ વી મોહન અને અંશુલ મોહન દ્વારા નિર્મિત છે. આ ફિલ્મને ઝી સ્ટુડિયો દ્વારા વિશ્વભરમાં રિલીઝ કરવામાં આવશે.



# સિંઘમના પાવર સામે ભૂલ ભુલૈયાનું સુરસૂરિયું થવાની આશંકા

**૨૦૧૨ની અજયને શાહરૂખની જેમ 'સિંઘમ અગેઈન'ને વધારે સ્ક્રિન મળી રહ્યા હોવાથી કોમ્પિટિશન કમિશનમાં રજૂઆત**

૨૦૧૨માં અજય દેવગને શાહરૂખની 'જબ તક હૈ જાન' સામે કમિશનમાં રજૂઆત કરી હતી, ૨૦૨૪માં અજયની ફિલ્મ સામે જ સ્પર્ધાત્મકતાને દબાવવાની ફરિયાદ આ વર્ષની દિવાળી ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને ફિલ્મ રસિકો માટે યાદગાર રહેવાની છે. બોક્સઓફિસ પર બે બ્લોકબસ્ટર ફિલ્મોની સીક્વલ વચ્ચે સીધી ટક્કર થવાની છે. 'સિંઘમ અગેઈન' અને 'ભૂલ ભુલૈયા ૩' વચ્ચે સીધી ટક્કર રોકવા માટે બંને ફિલ્મના મેકર્સે પ્રયાસ કર્યા હતા, પરંતુ કોઈ પોતાની રિલીઝ ડેટમાં ફેરફાર કરવા તૈયાર ન હતું. આખરે નિર્ણાયક ઘડી આવી પહોંચી છે અને ખરી લડાઈ શરૂ થતાં પહેલાં 'સિંઘમ'નો હાથ ઉપર હોય તેમ જણાય છે. કારણ કે 'ભૂલ ભુલૈયા ૩'ને રિલીઝ માટે ઓછા સ્ક્રિન મળવાની ભીતિ છે. કારણ કે મોટાભાગના સ્ક્રિન પર 'સિંઘમ અગેઈન'નો પંજો પડી ચૂક્યો છે. 'ભૂલ ભુલૈયા ૩'નું સુરસૂરિયું ન થાય તે માટે પ્રોડ્યુસર ટી-સિરીઝ દ્વારા સ્ક્રિન એલોકેશન મામલે કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. કાર્તિક આર્યનની હોરર કોમેડી




'ભૂલ ભુલૈયા ૩' અને અજય દેવગનની 'સિંઘમ અગેઈન' વચ્ચેની સીધી લડાઈ પર દરેકની નજર છે. બંને ફિલ્મની ટીમે દિવાળીએ મહત્તમ ઓડિયન્સને આકર્ષિત કરવામાં કોઈ કચાશ રાખી નથી. આમ છતાં 'ભૂલ ભુલૈયા ૩'ની સફળતા બાબતે પ્રોડ્યુસર ટી-સિરીઝ ચિંતિત હોય તેમ જણાય છે. પ્રોડક્શન હાઉસ દ્વારા આ મામલે કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા સમક્ષ રજૂઆત કરવામાં આવી છે અને બંને ફિલ્મોને સરખા સ્ક્રિન મળે તેવી માગણી કરી છે. રોહિત શેટ્ટીના ડાયરેક્શનમાં બનેલી 'સિંઘમ અગેઈન'ને ૫ પીવીઆર આઈનોક્સમાં ૬૦ ટકાથી વધુ સ્ક્રિન મળ્યા હોવાનું મનાય છે. કેટલાક સિંગલ સ્ક્રિન પર 'ભૂલ ભુલૈયા ૩' માટે ખાલી મોર્નિંગ શોના સ્લોટ જ ખાલી રખાયા છે. રિલીઝની શરૂઆતથી જ 'સિંઘમ અગેઈન'ના સ્ક્રિન વધારે હોય તો તેને 'ભૂલ ભુલૈયા ૩' કરતાં વધુ લાભ થવાનું નિશ્ચિત છે. આ સ્થિતિના પગલે બંને ફિલ્મોને સરખા સ્ક્રિન મળવા જોઈએ તેવી રજૂઆત કમિશન સમક્ષ થઈ છે. દેશમાં તંદુરસ્ત સ્પર્ધા જળવાઈ રહે અને તેના થકી ગ્રાહકોનું હિત જળવાય તે માટે કોમ્પિટિશન મકિશન કામ કરે છે. કમિશન સમક્ષ કરેલી આ રજૂઆત 'ભૂલ ભુલૈયા ૩'ને કેટલી માફક આવે છે તે કહેવું અઘરું છે. ૨૦૧૨ના વર્ષમાં અજય દેવગને આ જ પ્રકારની રજૂઆત કમિશન સમક્ષ કરેલી હતી. તે સમયે અજય દેવગનની 'સન ઓફ સરદાર' અને શાહરૂખની 'જબ તક હૈ જાન' વચ્ચે સીધી ટક્કર હતી. શાહરૂખની ફિલ્મને વધારે સ્ક્રિન મળી હતી.

### સોશિયલ મીડિયા પર ટ્રોલર્સને લીધા આડે હાથ

# લકવાગ્રસ્ત કહેવા પર આલિયા ભટ્ટે ટ્રોલર્સને આપ્યો જડબાતોડ જવાબ

**આલિયા ભટ્ટના કેટલાક વીડિયો અને તેના વિશે લખેલા કેટલાક લેખો ખૂબ વાઈરલ થઈ રહ્યા છે**

ઘણાં સમયથી આલિયા ભટ્ટના કેટલાક વીડિયો અને તેના વિશે લખેલા કેટલાક લેખો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. જેમાં આલિયાના ચહેરા અને તેના શરીરને લઈને વિવિધ પ્રકારની ટિપ્પણીઓ કરવામાં આવી હતી. જેમાં કેટલાક લોકોએ કહ્યું હતું કે, આલિયાએ બોટોક્સ કરાવ્યું છે. કેટલાક ટ્રોલ્સ કહી રહ્યા છે કે આલિયા આંશિક રીતે લકવાગ્રસ્ત છે. હવે આલિયાએ આ તમામ ટ્રોલ્સને જડબાતોડ જવાબ આપ્યો છે. હવે આલિયા ભટ્ટે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક લાંબી પોસ્ટ શેર કરી છે. જેમાં તેણે લખ્યું છે કે, 'આ ટ્રોલ માત્ર ક્લિકબેટ અને થોડું ધ્યાન મેળવવા માટે ગાંડી વાતો કરે છે. મારો એવા લોકો પ્રત્યે કોઈ પણ જજમેન્ટ નથી કે, જેઓ તેમના શરીર માટે કોસ્મેટિક કરેક્શન અથવા કોઈપણ પ્રકારની સર્જરીનો ઉપયોગ કરે છે.

જો તમારું શરીર તમારું છે તો નિર્ણય પણ તમારો હોવો જોઈએ. પણ આ તો અશ્લીલતાની ઊંચાઈ છે. કેટલાક વીડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, મેં બોટોક્સ કરાવ્યું છે અને તે સાચી રીતે નથી કરવામાં આવ્યું. ઘણાં પ્રકારના ક્લિકબેટ આર્ટીકલ પણ ફરતા હોય છે. જેઓ કહેવામાં આવ્યું છે કે, મારું મોઢું વાંકાચૂકૂ થઈ ગયું છે, હું વિચિત્ર રીતે બોલી રહ્યો છું. કોઈપણ માણસના ચહેરા માટે આ ખૂબ જ ગંદી ટીકા છે.'આલિયાએ પોતાના પર લાગેલા દાવાઓને લઈને કહ્યું હતું કે, 'હવે તમે આ બધી બાબતોનું વૈજ્ઞાનિક કારણ એ આપો છો કે હું આંશિક રીતે લકવાગ્રસ્ત છું. તમે શું મજાક કરી રહ્યા છો? આ ખૂબ જ ગંભીર દાવાઓ છે. જેના કોઈ પુરાવા નથી. જેની કોઈએ પુષ્ટિ પણ નથી કરી. સૌથી ખરાબ વાત એ છે કે તમે એવા યુવાનોને પણ ગેરમાર્ગે દોરો છો જે તમારા આ બધા દાવાઓને સાચા માની રહ્યા છે. તમે આવું કેમ કરી રહ્યા છો? માત્ર થોડું ધ્યાન ખેંચવા માટે. તમે થોડી ક્લિકબાઈટ મેળવવા માટે કંઈપણ કરશો કારણ કે આ બધા દાવાઓનો કોઈ અર્થ નથી.' મહિલાઓને લઈને આલિયાએ કહ્યું હતું કે''મહિલાઓને આ વાહિયાત બાબતો પર જજ કરવામાં આવે છે. તેને ઓબ્જેક્ટીફાઈ કરવામાં આવે છે. મહિલાઓને તેમના ચહેરા, શરીર, અંગત જીવન, દરેક વસ્તુને લઈને જજ કરવામાં આવે છે.

આપણે વ્યક્તિના વ્યક્તિત્વની ઉજવણી કરવી જોઈએ. આવા નિવેદનોથી લોકો માને છે કે તેમની તબિયત સારી નથી.વધુ આલીયાએ જણાવ્યું હતું કે ''આ વિશે સૌથી દુઃખદ બાબત એ છે કે એક સ્ત્રી માટેના આ બધા નિર્ણયો બીજી સ્ત્રી તરફથી આવે છે. 'જીવો અને જીવવા દો' કહેવતનું શું થયું? શું કોઈને પોતાની રીતે જીવવાનો અધિકાર નથી? આપણને એકબીજાને અપમાનિત કરવાની એટલી આદત પડી ગઈ છે કે, તે એકદમ સામાન્ય લાગે છે. અને ઈન્ટરનેટ આ બધી બાબતોને વધુ અતિશયોક્તિપૂર્ણ રીતે બનાવે છે.અહીં તમને જણાવી દઈએ કે આલિયા ભટ્ટ છેલ્લા કેટલાક દિવસોથી તેના ચહેરાના હાવભાવ(ફેશિયલ એક્સપ્રેશન)ને લઈને ટ્રોલ થઈ રહી છે. લોકો તેના ગાલ પરના ડિમ્પલ વિશે પણ વાત કરી રહ્યા છે. જો આપણે આલિયાના ફિલ્મોની વાત કરીએ તો તાજેતરમાં જ તે વાસન બાલાની ફિલ્મ 'જીગરા'માં જોવા મળી હતી. આ પછી તેની ફિલ્મ 'આલ્ફા'નું શૂટિંગ ચાલી રહ્યું છે. જે આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થશે.

### સલમાન ખાને પોતાના ડાયલોગને સાચો સાબિત કર્યો

# રોહિત શેટ્ટીની ફિલ્મ 'સિંઘમ અગેઈન'માં ચુલબુલ પાંડેની એન્ટ્રી



**વિવિધ પ્રકારના અહેવાલો અનુસાર ફિલ્મના પોસ્ટ ક્રેડિટ સીનમાં સલમાનનો ચુલબુલ પાંડે તરીકેનો કેમિયો બતાવવામાં આવશે**

રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેઈન' દિવાળી પર રિલીઝ થઈ રહી છે, તેની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે, અનેક લોકો તેમના ગમતા કલાકારોને એક જ ફિલ્મમાં એકસાથે જોવા આતુર છે. આટલો મોટો કલાકારોનો કાફલો નાનો હોય એમ થોડાં વખત પહેલાં આ ફિલ્મમાં ચુલબુલ પાંડે એટલે કે સલમાન ખાનની સ્પેશિયલ એન્ટ્રી અંગે પણ જોરશોરથી જાહેરાત કરવામાં આવી હતી. નવરાત્રિ દરમિયાન થયેલી એનસીપી નેતા બાબા સિદ્દિકીની હત્યા બાદ સલમાનને બિશ્નોઈ ગેંગ દ્વારા મળી રહેલી સતત ધમકીઓ બાદ તેની સુરક્ષાના કારણોસર અજય દેવગન અને રોહિત શેટ્ટીએ સલમાનની એન્ટ્રીનો પ્લાન પડતો મુક્યો હોવાના પણ અહેવાલો બે દિવસથી આવી રહ્યા હતા. પરંતુ હલે સલમાનના ફેન્સ માટે ફરી એક વખત ખુશીના સમાચાર છે અને હવે 'સિંઘમ અગેઈન'માં દબંગ ઈન્સ્પેક્ટર ચુલબુલ પાંડેની એન્ટ્રી કન્ફર્મ થઈ ગઈ છે. કારણ કે હવે સલમાને આ સીન માટે શૂટ પણ કરી લીધું છે. સલમાને અજય દેવગન અને રોહિત શેટ્ટી સાથેના સંબંધોને કારણે આ કેમિયો કરવાની હા પાડી હતી અને હવે તેણે પોતાનું આ વચન પાડ્યું છે. આ અંગેની અપડેટથી સોશિયલ મીડિયા પર સલમાન ખાનના ઘણા વખાણ થઈ રહ્યા છે.કેટલાંક યુઝરે તેના માટે ચુલબુલ પાંડેનો જાણીતો ડાયલોગ લખીને વખાણ કર્યા હતા, ''એક બાર જો મેને કમિટમેન્ટ કર દિયા તો, મેં અપને આપ કી ભી નહીં સુનતા''. તો કેટલાંકે તેને ખરો 'ટાઈગર' ગણાવીને એવું પણ કહ્યું હતું કે આટલી ધમકીઓ છતાં તે હાલ 'સિકંદર', 'બિગ બોસ' અને 'સિંઘમ અગેઈન' એમ એક સાથે ત્રણ પ્રોજેક્ટ માટે કામ કરી રહ્યો છે, આ ખરો હિરો છે, જે કોઈ ધમકી કે ડર અટકાવી શકતાં નથી. સલમાનનો કેમિયો કેન્સલ થયાના અહેવાલોથી નિઃરાશ થયેલા તેના ફેન્સ હવે ફરી ખુશ થઈ ગયા છે. વિવિધ પ્રકારના અહેવાલો અનુસાર ફિલ્મના પોસ્ટ ક્રેડિટ સીનમાં સલમાનનો ચુલબુલ પાંડે તરીકેનો કેમિયો બતાવવામાં આવશે.

# દયા કુછ તો ગરબડ હૈ... ક્રિસમસથી CIDની તપાસ શરૂ

**સોની એન્ટરટેઈનમેન્ટ નેટવર્કે થોડા સમય પહેલા એસીપી પ્રદ્યુમ્નના રોલમાં શિવાજી સાટમને દર્શાવતું ટીઝર શેર કર્યું હતું**




ટેલિવિઝન પર સૌથી વધારે સમય ચાલનારા શો તરીકે જાણીતી CIDને હજુ પણ યાદ કરવામાં આવે છે. ક્રાઈમ થ્રિલરનો પાયો નાખવામાં આ શોનો મોટો રોલ છે. એસીપી પ્રદ્યુમ્ન જ્યારે કહે છે, દયા કુછ તો ગરબડ હૈ... દરેકની નજર કોઈ ટ્વિસ્ટને શોધતી થઈ જાય છે. ઉતાર-ચડાવ વચ્ચે ફેમિલી એન્ટરટેઈનમેન્ટ આપતી આ સિરિયલ ક્રિસમસથી ટીવીના પડદે ફરી આગમન કરે તેવી શક્યતા છે. સોની એન્ટરટેઈનમેન્ટ નેટવર્કે થોડા સમય પહેલા એસીપી પ્રદ્યુમ્નના રોલમાં શિવાજી સાટમને દર્શાવતું ટીઝર શેર કર્યું હતું. જેના કારણે ઓડિયન્સની ઉત્સુકતા વધી છે. આ મામલે સૂત્રોના જણાવ્યા મુજબ, એસીપીની સાથે ઈન્સ્પેક્ટર દયા અને અભિજિત પણ પાછા ફરી રહ્યા છે. નવેમ્બર મહિનાથી આ સિરિયલનું શૂટિંગ શરૂ થશે અને ક્રિસમસથી તેને ટીવી પર પ્રસારિત કરાશે. વેબ સિરીઝમાં ક્રાઈમ થ્રિલરની ભરમાર વચ્ચે પણ CIDની ડીમાન્ડ યથાવત રહી છે. ઓડિયન્સની રજૂઆતના પગલે આ ખાલીપો પૂરવા નિર્ણય લેવાયો છે. છ વર્ષથી CIDની ટીમ ટીવી પર જોવા મળી નથી. આટલા વર્ષોમાં ઓડિયન્સના રસ-રૂચિ અને ટેકનોલોજીમાં ઘણાં ફેરફાર આવ્યાં છે. નવા જમાના અને રસ-રૂચિને ધ્યાને રાખીને CIDના નવા એપિસોડ લખાયા છે. નવી શરૂઆત કરતી વખતે સ્ટોરી નવી હશે,




પરંતુ કાસ્ટને જૂની રખાઈ છે. શિવાજી સાટમની સાથે આદિત્ય શ્રીવાસ્તવ અને દયાનંદ શેટ્ટી પોતાન જૂના રોલમાં જ જોવા મળશે. મુંબઈના સ્ટુડિયોમાં તેનો સેટ બની રહ્યો છે અને દેવ દિવાળીથી તેનું શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે. ક્રિસમસ અથવા ૩૧ ડિસેમ્બરે પહેલો એપિસોડ ટેલિકાસ્ટ કરવાના પ્રયાસ છે. શૂટિંગ શરૂ થયાં પછી તેનું પ્રમોશન શરૂ થશે અને સિરિયલ ફરી શરૂ થવાની તારીખ પણ જાહેર થશે. ઉલ્લેખનીય છે કે, ટીવીના પડદા પર CID ૨૦ વર્ષ સુધી પ્રસારિત થઈ હતી. તેના કુલ ૧૫૪૭ એપિસોડ પ્રસારિત થયા હતા. છેલ્લે ૨૦૧૮માં તેને ઓફ એર કરાઈ હતી, પરંતુ ત્યાં સુધીમાં ટીવી પર સૌથી વધ ચાલેલી ટીવી સિરિયલ તરીકે તેનું નામ થઈ ગયું હતું.

### હું પાગલ હતો- બધાને હસાવનાર કપિલ શર્મા

# કપિલ શર્મા પણ બન્યો છે ડિપ્રેશનનો શિકાર

**હાલમાં ટીવીના સૌથી અમીર કલાકારોમાંનો એક છે, લોકો વર્ષોથી તેના કોમેડી શોને પસંદ કરે છે**

કપિલ શર્મા હાલમાં ટીવીના સૌથી અમીર કલાકારોમાંનો એક છે. લોકો વર્ષોથી તેના કોમેડી શોને પસંદ કરે છે. પરંતુ કપિલે પોતાના જીવનમાં સારા અને ખરાબ બંને સમય જોયા છે. એક પોડકાસ્ટમાં કપિલે શેર કર્યું હતું કે, 'મારા જીવનમાં એક સમય એવો પણ આવ્યો હતો કે મારું બેન્ક બેલેન્સ ઝીરો કહી શકાય તેવી હાલત થઈ ગઈ હતી અને આ મુશ્કેલ સમયમાં હું ડિપ્રેશનમાં જતો રહ્યો હતો.' કપિલે એક પોડકાસ્ટમાં વાત કરતા કહ્યું હતું કે, 'એ સમયે હું પાગલ હતો. મેં બે ફિલ્મો કરી. વાસ્તવમાં એવું થયું કે મારી પાસે ઘણા પૈસા હતા. મેં વિચાર્યું કે જેની પાસે પૈસા છે તે પ્રોડ્યુસર બની જાય છે. પરંતુ એકલા પૈસા રાખવાથી વ્યક્તિ પ્રોડ્યુસર બની શકતી નથી. પ્રોડ્યુસર બનવા માટે એક એલગ વિચાર હોવો જોઈએ. પ્રોડ્યુસર બનવા માટે એક અલગ પ્રકારની ટ્રેનિંગ છે. મેં ઘણા પૈસા ગુમાવ્યા, મારું બેંક બેલેન્સ ઝીરો થઈ ગયું.'આ પોડકાસ્ટમાં કપિલે કહ્યું કે, 'આ ઘટના બાદ હું ડિપ્રેશનમાં જતો રહ્યો હતો. પછી ગિન્નીએ મારી સંભાળ લીધી. હું મારી ભૂલમાંથી શીખી ગયો છું. હવે ફરી આ ભૂલ નહીં કરું. મને લાગે છે કે જો યુવાનો કંઈક શરૂ કરવા માંગતા હોય, તો તેઓએ પહેલા તેના વિશે સારી રીતે જાણવું જોઈએ. પછી આગળ વધો. હું તેમને જીવનનો આ પાઠ આપી રહ્યો છું.'કપિલ શર્માએ વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮માં બે ફિલ્મોનું નિર્માણ કર્યું હતું. એક 'ફિરંગી' અને બીજી 'સન ઓફ મનજીત સિંહ'. કપિલે 'ફિરંગી'માં મુખ્ય ભૂમિકા ભજવી હતી. બંને ફિલ્મોને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.



### ગૂગલે ખાસ રીતે સિંગર કૃષ્ણકુમાર કુન્નથ ઉર્ફે કેકેને કર્યો યાદ

# કેકેએ આ ગીતથી બોલિવૂડમાં કર્યું હતું ડેબ્યુ

**કેકેએ ૧૯૯૬માં ગુલઝારની ફિલ્મ 'માચીસ' થી બોલિવૂડમાં તેની કારકિર્દીની શરૂઆત કરી હતી**

પોતાના અવાજથી મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં નામ કમાનાર કૃષ્ણકુમાર કુન્નથ ઉર્ફે કેકે ભલે આજે આ દુનિયામાં નથી, પરંતુ તે આજે પણ પોતાના ગીતો દ્વારા લાખો ફેન્સના દિલો પર રાજ કરે છે. આજના જ દિવસે (૨૫ ઓક્ટોબર) તેણે હિન્દી ફિલ્મોમાં પ્લેબેક સિંગિંગની શરૂઆત કરી હતી. આ અવસર પર ગૂગલે તેને શ્રદ્ધાંજલિ આપી છે.કેકેએ ૯૦ના દાયકામાં ગીતોને અવાજ આપવાનું શરૂ કર્યું હતું. પહેલા તે જિંગલ્સ ગાતો હતો અને પછી તેણે સાઉથની ફિલ્મોમાં ગાવાનું શરૂ કર્યું હતું. કારકિર્દીના શરૂઆતના દિવસોમાં તેણે કુલ ૩૫ હજાર જિંગલ્સ ગાયા. આ પછી, તેણે ૧૯૯૬માં બોલિવૂડમાં પ્રવેશ કર્યો અને પ્રથમ ગીતથી જ તે દર્શકોના દિલમાં વસી ગયો. તેણે બોલિવૂડમાં ડેબ્યુ કર્યાને આજે ૨૮ વર્ષ થઈ ગયા છે અને ગૂગલે આ ખાસ પળની ઉજવણી કરી છે. ગૂગલે ડૂડલ દ્વારા વિશ્વના દિગ્ગજને શ્રદ્ધાંજલિ આપે છે. ૨૫ ઓક્ટોબરના રોજ, ગૂગલે ડૂડલ ગ્રાફિક દ્વારા કેકેના બોલિવૂડ ડેબ્યુના ૨૮ વર્ષની ઉજવણી કરી છે. એનિમેટેડ ડૂડલમાં કેકે હાથમાં માઈક લઈને ઊભેલા અને ગાતા બતાવે છે. આ એનિમેટેડ ડૂડલની સાથે ગૂગલે લખ્યું છે કે, ''આ ડૂડલ કૃષ્ણકુમાર કુન્નથની ઉજવણી કરે છે, જેને કેકે તરીકે પણ ઓળખવામાં આવે છે, જેઓ સફળ પ્લેબેક સિંગર હતા.''ગૂગલે આગળ લખ્યું, ''તેઓ તેમની પ્રતિભા માટે જાણીતા છે. હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, મરાઠી, ઓડિયા, બંગાળી, આસામી અને ગુજરાતી સહિત ઘણી ભાષાઓમાં ગીતો રેકોર્ડ કરવા માટે તેમને યાદ કરવામાં આવે છે.''સાઉથ ઈન્ડસ્ટ્રીમાં વર્ષો સુધી પોતાનો જાદુ ફેલાવ્યા પછી, કેકેએ ૧૯૯૬માં ગુલઝારની ફિલ્મ 'માચીસ' થી બોલિવૂડમાં તેની કારકિર્દીની શરૂઆત કરી હતી.



રાજ્ય સરકાર ના ગૃહ વિભાગ દ્વારા પ્રાપ્ત તમામ માર્ગદર્શિકા અને નિયમોના પાલન સાથે શરૂઆત કરાઇ

# ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક ખાતે બાળકોમાં લોકપ્રિય ટોય ટ્રેન ફરી શરૂ : એકતા નગરના પ્રવાસમાં ઉમેરાયો નવો ઉત્સાહ

રાજકોટની ઘટના બાદ રાજય સરકારના આદેશથી ટોય ટ્રેનનું સંચાલન સ્થગિત કરવામાં આવ્યુ હતુ





। (માહિતી) રાજકોટ, તા.૨૬ ।

સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન ''સહિ પોષણ – દેશ રોશન''ના આધારે નિર્મિત અને વિશ્વના સર્વ પ્રથમ ટેકનોલોજી આધારીત ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કમાં ટોય ટ્રેનનો ફરી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ટ્રેન ખાસ કરીને બાળકો અને પરિવાર સાથે આવેલા પ્રવાસીઓમાં લોકપ્રિય છે.

રાજ્ય સરકારના માર્ગદર્શક નિયમો અનુસરીને જિલ્લા કલેક્ટર દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને ટ્રેનનું વિધિવત સંચાલન શરૂ થયું છે, જે પ્રવાસીઓને આનંદદાયી અનુભવ આપશે.આ માટે તમામ સુરક્ષા અંગે સરકારશ્રીન પ્રવર્તમાન નિયમોનું પાલન કરવામાં આવશે. ટ્રેનના પુનઃશરુઆત સમારોહમાં અધિક કલેક્ટર શ્રી ગોપાલ બામણીયા, નાયબ કલેક્ટર દર્શક વિઠલાણી, એકાઉન્ટ ઓફિસરશ્રી રાજ ગર્ગ, પ્રોગામ ઓફિસર દક્ષાબેન ચોહાણ અને અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. તમામ જરૂરી સુરક્ષા ચકાસણીઓ પૂર્ણ કર્યા બાદ ટ્રેનને ચલાવવાનો લાઈસન્સ આપવામાં આવ્યું છે, જેથી પ્રવાસીઓની સુરક્ષા અને સુખાકારી પ્રાથમિકતા બને. હાલમાં રાજકોટમાં બનેલી એક ટોય ટ્રેન દુર્ઘટનાને ધ્યાનમાં રાખીને રાજયભરના બધા ટોય ટ્રેનોની સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી છે.

ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્કમાં ટ્રેનની ફરી શરૂઆત સાથે પણ તમામ સલામતી ઉપાયોને ચુસ્ત બનાવવામાં આવ્યા છે, જે નાના બાળકો અને તેમના માતા-પિતાને નિરાંતે અને મસ્તી ભર્યો અનુભવ આપશે. (બોક્સઃ) પોષણ જાગૃતિ અને મનોરંજનનું કેન્દ્ર ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત એક વિશિષ્ટ પ્રોજેક્ટ છે, બાળકોને રમતગમત અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા પોષણ વિશે જાગૃત બનાવે છે. વિશ્વના પ્રથમ ટેક્નોલોજી આધારિત આ ન્યુટ્રિશન પાર્કમાં બાળકો મોજમસ્તી સાથે આરોગ્યપ્રદ જીવનશૈલી વિશે શિખી શકે છે. પ્રવાસીઓ માટે નવો ઉત્સાહ દિવાળીના વેકેશનમાં મોસમમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને આસપાસના પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓની ભીડ જામી રહી છે. ટોય ટ્રેનની પુનઃશરુઆતથી પ્રવાસીઓમાં નવી ઉર્જા અને ઉત્સાહ છલકાયો છે. આ મજેદાર યાત્રા બાળકો માટે રોમાંચક સાબિત થશે, તો વડીલો માટે પણ શાંતિભર્યો અને યાદગાર અનુભવ બની રહેશે.

# દિવાળીના તહેવારમાં કડી અને ડીસામાંથી હજારો કિલો શંકાસ્પદ ઘી-તેલ પકડાયું

। (માહિતી) મહેસાણા, તા.૨૬ ।

કડીના બુડાસણમાં ૧૦ દિવસમાં બનાવટી ઘીની બીજી ફેક્ટરી પકડાઈ છે દિવાળીના તહેવાર દરમિયાન ખાદ્ય પદાર્થોમાં ભેલશેળ કરતા લેભાગુ તત્વો સક્રિય બન્યા છે. દરમિયાન ઘી-માફિયાઓ બેફામ બન્યા હોય એવું જોવા મળી રહ્યું છે અને લોકોનાં આરોગ્ય સાથે ચેડાં કરતા હોય એવું જોવા મળી રહ્યું છે. દિવાળીના તહેવારો પર ભેળસેળ કરીને વધુ નફો મેળવવાની લાલચે મોટા જથ્થાના વેચાણમાં ક્યાંક બનાવટી અને ભેળસેળયુક્ત માલસામાન બનાવીને વેચાણ કરતાં લેભાગુ તત્ત્વો હાલ સક્રિય બન્યાં છે. કડીના બુડાસણમાં ૧૦ દિવસમાં બનાવટી ઘીની બીજી ફેક્ટરી પકડાઈ છે, જેમાં ફૂડ વિભાગે રૂ.૧૩.૭૮ લાખની કિંમતનો ૨૫૦૦ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો સીઝ કરી ફેક્ટરીને સીલ મારી છે તેમજ ડીસામાં મોડીરાત્રે ઓઈલ મિલમાં રેડ કરી રૂ. ૨.૩૮ લાખની કિંમતનો ૨૩૬૮ કિલો શંકાસ્પદ તેલનો જથ્થો જપ્ત કર્યો હતો. જ્યારે બીજી બાજુ મહેસાણા જીઆઈડીસીમાં આવેલી નમન અને ક્રિષ્ણા ડેરીમાં દૂધમાં વેજિટેબલ ઘીની મિલાવટ કરીને પનીર બનાવાતું હતું ત્યાં રેડ પાડી ૮૩૪ કિલો બનાવટી પનીરનો જથ્થો ઝડપાયો હતો. થોડાક દિવસો અગાઉ બુડાસણ ગામની સીમમાં આવેલી જીઆઈડીસીમાં એલસીબી દ્વારા રેડ કરવામાં આવી હતી, જ્યાં શંકાસ્પદ ઘીનો એક કરોડથી પણ વધુનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. એ બાદ કડી પોલીસ એક્શન મોડમાં આવી હતી અને અલગ અલગ ટીમો બનાવીને શંકાસ્પદ ઘીના જથ્થા ઝડપી પાડવા માટે કવાયત હાથ ધરવામાં આવી હતી. મારુતિ ફૂડ પ્રોડક્ટ નામની કંપનીમાં ભેળસેળયુક્ત ઘી બનાવવામાં આવતું હોવાની માહિતી મળતાંની સાથે જ પોલીસ દ્વારા રેડ કરવામાં આવી હતી અને ૧૦૦ શંકાસ્પદ ઘીના ડબ્બા જપ્ત કરવામાં આવ્યા હતા તેમજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે ઘીના નમૂના લઈ લેબોટરી માટે મોકલ્યા હતા. આશરે ૧૦ લાખથી પણ વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરવામાં આવી હતી.કડી તાલુકાના છત્રલ રોડ પર આવેલા બુડાસણ ગામની જીઆઈડીસી નજીક શંકાસ્પદ ઘી બનાવતી ફેક્ટરી ધમધમતી હતી. એ માહિતીના આધારે કડી પોલીસ દ્વારા રેડ કરવામાં આવી હતી, બાદમાં ફૂડ એન્ડ ડ્રગ્સ મહેસાણા વિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી. અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા બાદ ઘીના નમૂના લઈ લેબોટરી ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.કડી છત્રાલ રોડ પર આવેલી જીઆઈડીસી નજીક શ્રમ વિસ્તાર અને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આ ફેક્ટરી ધમધમતી હતી, જ્યાં કંપનીમાંથી **100 GM, 200 GM, 500 GM, 15 KG**ના પેકિંગમાં શંકાસ્પદ ઘી પેકિંગ કરીને બજારમાં વેચવામાં આવતું હતું એનો સરસામાન પણ મળી આવ્યો હતો. જ્યારે પોલીસની હાજરીમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ઘીના નમૂના લઈને ફૂડ સેફ્ટી વાનમાં સેમ્પલ કરવામાં આવ્યું હતું, જ્યાં પ્રાથમિક દૃષ્ટિએ ટેસ્ટ કરવામાં આવતાં ગાયના ઘીનાં સેમ્પલમાં વેજિટેબલ ઘી મળી આવ્યું હતું. એ બાદ અધિકારીઓ દ્વારા કંપનીને સીલ કરવાની તજવીજ હાથ ધરી કાર્યવાહી કરવામાં આવી હતી. અંદાજિત ૧૦ લાખ રૂપિયાના ૨૫૦૦ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરી કાર્યવાહી કરવામાં આવી હતી. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે મહેસાણા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા કડી ખાતે એક ઘી બનાવતી ફેક્ટરી ઝડપી પાડી છે. એમાં કડી પોલીસની મદદ લીધી હતી અને પોલીસની બાતમીના આધારે અમે જોઈન્ટ તપાસ કરી હતી.

## કબ્બડી અને ખોખો રમતમાં ચેમ્પિયન બની ઝાલોદ કોલેજે ડંકો વગાડ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

દેવગઢ બારીયા ખાતે યોજાયેલ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી આંતર કોલેજ ખો ખો (બહેનો) સ્પર્ધામાં શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદની ટીમ ચેમ્પિયન બની હતી. આ પહેલા ઝાલોદ ખાતે યોજાયેલ આંતર કોલેજ કબડ્ડી (ભાઈઓ)ની સ્પર્ધામાં ઝાલોદ કોલેજની ટીમ ચેમ્પિયન બની હતી. આ રીતે ઝાલોદ કોલેજના ઈતિહાસમાં સૌ પ્રથમવાર બંને સ્પર્ધાઓમાં ટીમ વિજેતા બની હતી. આ વિદ્યાર્થીઓને ઝાલોદ કોલેજના સ્પોર્ટ્સ વિભાગના પ્રોફેસર ડો. બહાદુરસિંહ ગોહિલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ચેમ્પિયન બનેલ સ્પર્ધકોને પ્રિન્સિપાલ ડૉ. મધુકર પટેલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## લીમડી પંથકમાં મચ્છરોના લાર્વા શોધી નિયંત્રણ-નિવારકની કામગીરી હાથ ધરાઇ





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વરોડના લીમડી વિસ્તારમાં એન્ટી લાર્વા કામગીરી તેમજ સર્વે કામગીરી કરવામાં આવી. અનેક જગ્યા પર પાણીનો યોગ્ય નિકાલ નહીં થતાં ઠેર ઠેર પાણીમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે.મચ્છરજન્ય રોગોથી બચવા માટે મચ્છરોના લાર્વા શોધી નિયંત્રણ-નિવારકની કામગીરી હાથ ધરાઈ.

## વડોદરામાં ફૂડ સેફટી ઓફિસરોની ટીમે હળદર-મરચું, મુખવાસ, બદામ અને કાજુનો ૫૭૮૭ કિલો શંકાસ્પદ જથ્થો જપ્ત કર્યો

। (માહિતી) વડોદરા, તા.૨૬ ।

વડોદરા મ્યુનિ. કોર્પો.ના ફૂડ સેફટી ઓફિસરોની ટીમોએ વિવિધ વિસ્તારોમાં ચેકિંગ કરીને ૧૧.૫૬ લાખની કિંમતનો શંકાસ્પદ ૫૭૮૭ કિલો જથ્થો સીઝ કર્યો હતો. ખોરાદ શાખાનાં ફૂડ સેફટી ઓફિસરોની ટીમોએ હાથીખાના, ગોરવા, આજવા રોડ, માંડવી વિગેરે વિસ્તારોમાં ઈસ્પેકશનની તથા શંકાસ્પદ જથ્થો સીઝ કરવાની કામગીરી કરી હતી. જેમાં પનીર, બેસન, સીન્થેટીક ફૂડ કલર, તેલ, હળદર, કાજુ, મરચા પાવડર, મુખવાસ, બદામ વગેરેના ૧૩ નમૂના લેવામાં આવેલા. નમુનાઓને ૫ બ્લીક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. આ કામગીરી દરમ્યાન પનીર, બેસન, સીન્થેટીક ફૂડ કલર, તેલ, હળદર, કાજુ, મરચા પાવડર, મુખવાસ, બદામનો શંકાસ્પદ ૧૧,૫૬,૧૫૩ની કિંમતનો ૫૭૮૭ કિલો જથ્થો સીઝ કર્યો હતો. ખોરાક શાખા દ્વારા આજે જથ્થાબંધ અનાજ કરિયાણા માર્કેટ હાથીખાનામાં મુખવાસ અંગે ચેકિંગ કરવામાં આવ્યું તે દરમ્યાન ફૂડ સેફટી ઓફિસરોને શંકાસ્પદ મરચા પાઉડરનો ૭૦૦ કિલોનો જથ્થો મળી આવ્યો હતો. જે તાત્કાલિક અસરથી જપ્ત કર્યો હતો. જ્યાં સુધી રિપોર્ટ આવે નહીં ત્યાં સુધી મરચા પાઉડરનું વેચાણ કરી શકશે નહીં. કોર્પોરેશનના કમિશનર અને અધિક આરોગ્ય અમલદારે ફૂડ સેફટી ઓફિસરોની ટીમને હાથીખાના બજારમાં તપાસ માટે મોકલ્યા હતા. કલર વાળો મુખવાસ વેચાણ થઈ રહ્યું હોવાથી તેનું ખાસ ચેકિંગ કરવા સૂચના આપી હતી. હાથીખાનામાં જય અંબે સ્ટોર, પૂર્વી સ્ટોર, મધુવન અને ક્રિષ્ના સ્ટોરમાં ચેકિંગ હાથ ધર્યું હતું જેમાં એક સ્થળે કલર મુખવાસને બદલે ૭૦૦ કિલો મરચા પાઉડરનો શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો. જેનો નમૂનો તપાસ માટે લેવાયો હતો, અને જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો અને જ્યાં સુધી લેબોરેટરીથી તપાસનો રિપોર્ટ આવે નહીં ત્યાં સુધી વેપારી તેનું વેચાણ કરી શકશે નહીં. આ મરચાની કિંમત રૂ. ૧,૮૩,૦૦૦ થાય છે. આ રિપોર્ટ જો બરાબર હશે તો તેનું વેચાણ કરવાની છૂટ અપાશે, પરંતુ નમૂનો નાપાસ થશે તો અધિક નિવાસી કલેકટરની કોર્ટની સૂચના મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

# રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) "પોલીસ સ્મારક સપ્તાહ" દરમિયાન ફરજની લાઇનમાં અંતિમ બલિદાન આપનાર ૧૪ કર્મચારીઓનું સન્માન કરી રહ્યું છે

શ્રદ્ધાંજલિ રૂપે, RPF અધિકારીઓ નવ રાજ્યોમાં આ શહીદોના પૈતૃક ગામો અને શાળાઓની મુલાકાત લઈ રહ્યા છે, જે સમુદાયો તેમને આકાર આપે છે તેમની સાથે ઊંડો સંબંધ સ્થાપિત કરે છે












। અમદાવાદ, તા.૨૬ ।

સન્માન પામનારાઓમાં પશ્ચિમ રેલવેના કોન્સ્ટેબલ અનુકુલ સાકોરનો પણ સમાવેશ થાય છે, જેમણે ડિસેમ્બર ૨૦૨૩માં પોતાની ફરજ નિભાવતી વખતે પોતાનો જીવ ગુમાવ્યો હતો. ૨૧મી ઑક્ટોબરના રોજ મધ્ય પ્રદેશના ધારમાં તેમના અલ્મા માતા, સરસ્વતી શિશુ મંદિર ખાતે એક સ્મારક સેવા યોજાઈ હતી. આ ઘટનાએ તેમના પરિવાર, મિત્રો, વિદ્યાર્થીઓ અને સહકર્મીઓને એક ભાવનાત્મક મેળાવડામાં ભેગા કર્યા. તેમની વિધવા, શ્રીમતી ડોલી સાકોરે, તેમના પતિના બલિદાનને માન્યતા આપવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

કોન્સ્ટેબલ સાકોરની વાર્તા રેલ્વે કર્મચારીઓની બહાદુરી અને નિઃસ્વાર્થતાની યાદ અપાવે છે. તેમના બલિદાનને ભૂલવામાં આવશે નહીં, અને RPFની શ્રદ્ધાંજલિ તેમના શહીદ નાયકોને સન્માનિત કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

રેલ્વે જવાનોના બહાદુર કોન્સ્ટેબલની કહાણી નિઃસ્વાર્થતાનો પુરાવો છે. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ, રાજેન્દ્ર નગર સ્ટેશન પર ફરજ બજાવતી વખતે તેણે દુઃખદ રીતે પોતાનો જીવ ગુમાવ્યો.

તેમની શિફ્ટ દરમિયાન, એક ખાલી રાત્રિ એક્સપ્રેસ ટ્રેન સ્ટેશન પર ખેંચાઈ, અને કોન્સ્ટેબલે ટ્રેનની તપાસ કરવાનું શરૂ કર્યું. દુર્ભાગ્યવશ, જેવી જ ટ્રેન દોડવા લાગી, તેનો પગ ફૂટબોર્ડમાં ફસાઈ ગયો, જેના કારણે તે ટ્રેક અને પ્લેટફોર્મ વચ્ચે પડી ગયો, જેના કારણે તેને જીવલેણ ઈજાઓ થઈ.

તેમના સર્વોચ્ચ બલિદાનના સન્માનમાં, રેલવે પ્રોટેક્શન ફોર્સ **(RPF)** ટીમે પોલીસ સ્મારક સપ્તાહ દરમિયાન કોન્સ્ટેબલ સાકોરને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે મધ્ય પ્રદેશના થારમાં તેમના પૈતૃક ઘર અને શાળાની મુલાકાત લીધી, જ્યાં તેમણે તેમની પત્ની સહિત તેમના પરિવારનું સન્માન કર્યું અને વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો સાથે તેમની બહાદુરીની વાર્તાઓ શેર કરી.

# દિવાળીના તહેવારોમાં જાહેર જનતાને શુદ્ધ અને સલામત ખાદ્ય ચીજ મળી રહે તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે ફૂડ સેફટી પખવાડીયું ઉજવવામાં આવ્યું

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તથા આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની આગેવાની માં રાજ્યના નાગરિકોને જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ સલામત અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબંધ છે. આગામી દિવાળીના તહેવારોમાં જાહેર જનતાને શુદ્ધ અને સલામત ખાદ્ય ચીજ મળી રહે તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે ફૂડ સેફટી પખવાડીયું ઉજવવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગર જિલ્લા દ્વારા ફૂડ સેફટી પખવાડિયામાં કેટલીક વિશેષ કામગીરીઓ હાથ ધરવામાં આવી છે. ફૂડ સેફટી પખવાડિયાની ઉજવણી અન્વયે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગર કચેરી દ્વારા આગામી દિવાળી તહેવારોમાં વહેંચાતી તમામ ખાદ્ય ચીજો આવરી લેતા એન્ફોસ્મેન્ટ નમુનાઓ જેવા કે માવો, મીઠો માવો, ઘી, તેલ સ્પાયસીસ, બરફી, મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટ, દૂધ અને દૂધની બનાવટો ના કુલ ૧૭૨ જેટલા નમુનાઓ લઈ ગુજરાત રાજ્યની ફૂડ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલી આપવામાં આવ્યા છે. આ પખવાડિયામાં જનજાગૃતિ લાવવા માટે કચેરી દ્વારા મીઠાઈ -ફરસાણના વેપારી તથા ખાદ્ય ચીજના ઉત્પાદન સાથે સંકળાયેલા વેપારીઓ સાથે ફૂડ સેફટી અંગે સંવાદ યોજવામાં આવ્યો હતો. જે અન્વયે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળ શિડ્યુલ-૪ અન્વયની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન અર્થે સમજૂતી આપી તેમજ સદર ધારા હેઠળ લાઈસન્સ રજીસ્ટ્રેશન અર્થે માહિતી આપવામાં આવી હતી.આ પખવાડિયામાં કચેરી દ્વારા લાયસન્સ રજીસ્ટ્રેશન કેમ્પ યોજવામાં આવેલ જેમાં સ્થળ પરજ કુલ ૨૫ જેટલા રજીસ્ટ્રેશન ફૂડ બિઝનેસ ઓપરેટરને પણ આપવામાં આવ્યા હતા. ઉપરાંત પખવાડિયાની ઉજવણી અંતર્ગત કચેરીના ફૂડ સેફટી ઓન વ્હીલ તથા ફૂડ સેફટી ઓફિસર દ્વારા કાયદાની જનજાગૃતિ અર્થે જિલ્લાની શાળાઓ તેમજ કોલેજો ખાતે ફૂડ સેફટી અવેરનેસ પ્રોગ્રામ કરવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓને ફૂડ સેફટ ના વિડીયો, લીફલેટ, પેમ્પ્લે, ટેસ્ટિંગ મશીનરી, પ્રાથમિક ફૂડ ચકાસણીના ડેમોસ્ટ્રેશન સાથે માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત ફૂડ સેફટી ઓન વિલ્સ દ્વારા સમગ્ર જિલ્લાના વિવિધ સ્થળો પર ખાદ્ય ચીજો જેવી કે તળવામાં આવતા તેલ, મીઠું, મીઠાઈ ,પરખની વરખ, દૂધ, સ્પાઈસીસની આકસ્મિક પ્રાથમિક ચકાસણી કરવામાં આવી હતી. જે અન્વયે કુલ ૨૮૦ જેટલા નમુનાઓની ચકાસણી કરવામાં આવી હતી, તેમજ ફૂડ બિઝનેસ ઓપરેટ અને ફૂડ હાઈજીન અને ફૂડ સેફટી અંગે અવેરનેસ પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમી ને આજે તમારી કંઈક વાત ખોટી લાગી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે. સમય ની નાજુકતા ને સમજી ને, આજે તમે બધા થી અંતર રાખી ને એકાંત માં સમય પસાર કરવા નું પસંદ કરશો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. ખોટા સમયે કશુંક ખોટું ન બાલોઈ જાય તેની તકેદારી રાખજો-તમે જેને ચાહો છો તેને ઠેસ ન પહોંચે તેની તકેદારી રાખજો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આલ્કોહોલનું સેવન ન કરો કેમ કે એનાથી તમારી ઊંઘમાં બગાડ થશે અને ગાઢ આરામ લેવાથી તમને વંચિત કરશે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. તમારી મુલાકાતે આવેલા સંબંધીઓ તમે કલ્પના કરી છે એના કરતાં સારા નીકળી શકે છે. રૉમેન્ટિક પ્રભાવ આજે ખૂબ જ પ્રબળ હોવાની શક્યતા છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. તમારા અંગત જીવન વિશે મિત્રો તમને સારી સલાહ આપશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.



ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ છત્તીસગઢના રાયપુર ખાતે શ્રી જગન્નાથ મંદિરની મુલાકાત લીધી.

### દેશ છોડતાં પહેલાં રાજીનામું આપ્યાનો પુરાવો નથીઃ શહાબુદ્દિન

# બાંગ્લાદેશમાં હવે શેખ હસીનાને લીધે રાષ્ટ્રપતિની ખુરશી જોખમમાં

**બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના બાંગ્લાદેશ છોડીને અત્યારે ભારતમાં રોકાયા છે, પરંતુ શેખ હસીનાને લઈને બાંગ્લાદેશમાં એક નવો વિવાદ ઊભો થયો છે**

। (એજન્સી) ઢાંકા, તા.૨૬ ।



બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના બાંગ્લાદેશ છોડીને અત્યારે ભારતમાં રોકાયા છે. પરંતુ તેમને લઈને બાંગ્લાદેશમાં એક નવો વિવાદ ઊભો થયો છે. ગયા અઠવાડિયે એક બંગાળી દૈનિક સાથેની મુલાકાતમાં, રાષ્ટ્રપતિ શહાબુદ્દીને જણાવ્યું હતું કે તેમની પાસે કોઈ દસ્તાવેજી પુરાવા નથી કે હસીનાએ દેશ છોડતાં પહેલા વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું હતું. રાષ્ટ્રપતિના આ નિવેદનને પગલે હસીનાને પદભ્રષ્ટ કરનાર વિદ્યાર્થીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે. વિદ્યાર્થી સંગઠનોએ હવે રાષ્ટ્રપતિને હટાવવાની માગ સાથે ઢાકા સહિત દેશમાં અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શનો યોજ્યાં હતાં. વિદ્યાર્થી સંગઠનો દ્વારા ફરી એક વાર દેશને બાનમાં લેવાના પ્રયત્નો ચાલુ થયા છે. વિવાદ એટલી હદે વકર્યો છે કે રાષ્ટ્રપતિની ખુરશી હવે જોખમમાં આવી ગઈ છે. આ વિદ્યાર્થીઓએ વડાપ્રધાન શેખ હસીનાના રાજીનામા પર ટિપ્પણી કરવા બદલ રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીનને હટાવવાની માંગ કરી હતી. વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા પૈકીના એક નસીરુદ્દીન પટવારીએ કહ્યું હતું કે રાષ્ટ્રપતિ ફાસીવાદના સાથી છે. તે નરસંહારની તરફેણમાં છે. અમે તેમના રાજીનામાની માગ કરીએ છીએ.

## ન્યૂઝ બ્રિફ

### રાજ્યો સામે અવમાનનાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

સુપ્રીમ કોર્ટે ગુરુવારે ઉત્તરાખંડ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના સત્તાવાળા પર કોર્ટના આદેશોની અવમાનનાનો આરોપ લગાવતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરતાં જણાવ્યું હતું કે કથિત બુલડોઝર કાર્યવાહી સંબંધિત સીધી કે આડકતરી રીતે ન જોડાયેલા અરજદારની અરજીની તે સુનાવણી કરશે નહીં. ડિમોલિશનથી પ્રભાવિત વ્યક્તિઓને કોર્ટમાં આવવા દો, અમે તેની સુનાવણી કરીશું.સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે અમે મધપૂડો છંછેડવા માગતા નથી. ડિમોલિશનથી અસરગ્રસ્ત બનેલા વ્યક્તિઓને કોર્ટમાં આવવા દો. અરજદારના વકીલે આરોપ મૂક્યો હતો કે હરિદ્વાર, જયપુર અને કાનપુરમાં સત્તાવાળાઓએ સર્વોચ્ચ અદાલતના આદેશની અવમાનના કરી મિલકતોને તોડી પાડી હતી. આ સત્તાવાળાએ કોર્ટના આદેશ મુજબ કોર્ટની પરવાનગી લીધી ન હતી. સુપ્રીમ કોર્ટનો આદેશ સ્પષ્ટ હતો કે આ કોર્ટની રજા વિના કોઈ ડિમોલિશન હાથ ધરવામાં આવશે નહીં. આમાંથી એક કેસમાં એફઆઈઆર દાખલ થયા પછી તરત જ મિલકતને તોડી પાડવામાં આવી હતી.ઉત્તરપ્રદેશ સરકાર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજે જણાવ્યું હતું કે અરજદાર ત્રાહિત પક્ષ છે અને તેઓ એ હકીકતોથી વાકેફ નથી કે સત્તાવાળાએ ફૂટપાથ પરના અતિક્રમણને દૂર કર્યાં હતાં. અરજદારે કેટલાક મીડિયા અહેવાલોના આધારે કોર્ટમાં અરજી કરી હતી.અરજદારના વકીલે જણાવ્યું હતું કે ત્રણમાંથી બે કેસમાં અસરગ્રસ્ત વ્યક્તિઓ જેલમાં છે.

### બાબા સિદ્દીકીની હત્યામાં સામેલ આરોપી સુજીત કુમારની લુધિયાણાથી ધરપકડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।


મહારાષ્ટ્ર NCP નેતા બાબા સિદ્દીકીની હત્યામાં સામેલ એક આરોપીની લુધિયાણામાંથી ધરપકડ કરવામાં આવી છે. આરોપી સુજીત સિંહની લુધિયાણા પોલીસે ધરપકડ કરી છે અને તેને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમને સોંપવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને NCP જૂથના મોટા નેતા અજિત પવાર જેમનો બોલિવૂડમાં સારો પ્રભાવ હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અને લુધિયાણા કાઉન્ટર ઈન્ટેલિજન્સ તરફથી મળેલા ઈનપુટ્સ બાદ CIA-2ની ટીમે આ હત્યા કેસમાં સામેલ મુંબઈના ગેટકોપર કામરાજ નગર વિસ્તારના રહેવાસી આરોપી સુજીત કુમારની ધરપકડ કરી છે. સુજીત કુમાર મુંડિયાના રામ નગર વિસ્તારમાં પોતાના સાસરિયાના ઘરે આવ્યા હતો. આરોપીઓ વિશે ઈનપુટ મળ્યા પછી એડીસીપી અમનદીપ સિંહ બ્રારને ફરજ પર મૂકવામાં આવ્યા હતા. એડીસીપી ક્રાઈમ અમનદીપ સિંહ બ્રારની આગેવાની હેઠળની પોલીસ ટીમે આરોપી જ્યાં હતો તે વિસ્તારને ઘેરી લીધો અને તેની ધરપકડ કરી. આરોપી સુજીત કુમારે આરોપી નીતિનના ખાતામાં પૈસા જમા કરાવ્યા હતા, જેણે બાબા સિદ્દીકીની તમામ તપાસ કરી હતી.

### કુર્દ આતંકીઓના ઠેકાણા પર

# તૂર્કીએ ડ્રોન અને યુદ્ધ વિમાનો દ્વારા કરી બોમ્બ વર્ષા

**બે દિવસથી ચાલતી આ બોમ્બ વર્ષામાં કેટલા કુર્દો માર્યા ગયા હશે, તે વિષે હજી માહિતી મળી શકી નથી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।



કુર્દ આતંકીઓએ, તૂર્કીની મહત્વની ડીફેન્સ ફેક્ટરી ઉપર હુમલો કરી ફેક્ટરીને ભારે નુકસાન કરવા સાથે પાંચની હત્યા કરતાં ગુસ્સે થયેલાં તૂર્કીએ કુર્દ આતંકીઓના ઈરાક અને સીરીયામાં રહેલા કુર્દોના અડ્ડાઓ ઉપર ડ્રોન અને યુદ્ધ વિમાનો દ્વારા બોમ્બ વર્ષા શરૂ કરી દીધી હતી. બે દિવસથી ચાલતી આ બોમ્બ વર્ષામાં કેટલા કુર્દો માર્યા ગયા હશે, તે વિષે હજી માહિતી મળી શકી નથી.ઈરાનની પશ્ચિમે રહેલી ઝાગોર્સ પર્વતમાળાના ઉત્તર છેડાથી શરૂ કરી હવે તો તૂર્કી અને ઈરાક તથા સીરીયાને છૂટા પાડતા પર્વતીય પ્રદેશ સુધી પથરાયેલી આ કુર્દ પ્રજા મૂળ તો આર્યવંશીય 'મીડસ'ના વંશજો છે. તેમાં આરબ અને તૂર્ક રક્ત પણ ભળેલું છે. આ પ્રજા અફઘાનોના જેટલી સ્વાતંત્ર્ય પ્રેમી છે. વર્તમાન યુગમાં તેઓ ઉપર સામ્યવાદની પણ અસર છે. તેઓની કુર્દીસ્તાન, વર્કર્સ પાર્ટી તથા 'સીરીયન કુર્દીશ નિબિશિયા' આ આતંકીઓ સાથે જોડાયેલાં છે. તેમ એનાદોલુ એજન્સી જણાવે છે.બીજી તરફ તૂર્કીની ગુપ્તચર સંસ્થા 'નેશનલ ઈન્ટેલિજન્સ ઓર્ગેનાઈઝેશને' આ કુર્દોના અડ્ડાઓની માહિતી મેળવી લીધી હતી, અને તે ઉપરથી કુર્દોના અડ્ડાઓ ઉપર હુમલા કરાયા હતા. તેમાં કુર્દોના શસ્ત્રાગારો, તેમની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસીલીટીઝ, લશ્કરી મથકો વગેરેને તૂર્કીએ નિશાન બનાવ્યા હતા. બુધવારે તૂર્કીના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલામાં ડ્રોન વિમાનોનો ઉપયોગ કરાયો હતો. તેમજ ઉત્તર ઈરાક તથા ઉત્તર સીરીયામાં રહેલા પર્વતીય વિસ્તારો સ્થિત, કુર્દોના અડ્ડાઓ ઉપર ગુરૂવારથી ભારે હુમલાઓ શરૂ કરાયા છે. તૂર્કીના સંરક્ષણ મંત્રી યાસેર ગુલેરે ગુરૂવારે જણાવ્યું હતું કે બુધવારે ઈરાકમાં ૨૯ અને સીરીયામાં ૧૮ સ્થાનો મળી કુર્દોના કુલ ૪૭ અડ્ડાઓ ઉપર હુમલા કરાયા છે.ટૂંકમાં ઈરાનના અખાતના શિર્ષ પર આવેલા ઈરાકનાં બસરા બંદરથી શરૂ કરી ઉત્તરે તૂર્કીને સ્પર્શી નીચે ગોળ વળી સીરીયાથી લેબનોન અને જોર્ડન સુધીનો 'ફર્ટીલ-ક્રેસન્ટ' કહેવાતો વિસ્તાર પણ હવે યુદ્ધગ્રસ્ત બની રહ્યો છે.

### મહારાષ્ટ્રમાં ચૂંટણીના માહોલ વચ્ચે

# પુણેમાં એક કંપનીની વાનમાંથી ૧૩૮ કરોડના સોનાના દાગીના મળી આવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।



મહારાષ્ટ્રમાં ચૂંટણીના માહોલ વચ્ચે પુણેમાં એક કાર્ગો કંપનીની વાનમાંથી ૧૩૮ કરોડ રૂપિયાના સોનાના દાગીના મળી આવ્યા છે. જાણકારી અનુસાર તેનું વજન ૪૩૭ કિલોથી વધુ છે. ચૂંટણી પંચ અને પુણે પોલીસે મળીને આ મોટી રિકવરી કરી છે. પુણેના કલેક્ટર અને ચૂંટણી અધિકારી સુહાસ દીવસે કહ્યું કે આ માત્ર એક કેચ છે. સોનું જપ્ત કરવામાં આવ્યું નથી. તેમણે કહ્યું કે તે એક કંપનીની વાન હતી જે નિયમિતપણે ઘરેણાંનું પરિવહન કરે છે. તેની પાસે કાગળો પણ હતા. જોકે, આવકવેરા વિભાગ દસ્તાવેજોની તપાસ કરી રહ્યું છે.કલેક્ટરે કહ્યું કે, જો દસ્તાવેજો સાચા જણાશે તો દાગીના તેમને સોંપવામાં આવશે. જો તેમની પાસે સાચા કાગળો નહીં હોય તો તે જપ્ત કરવામાં આવશે. ૧૦ લાખથી વધુની કિંમતનો માલ અથવા ૧ કિલોથી વધુનું સોનું આવકવેરા વિભાગને સોંપવામાં આવે છે. તેમણે કહ્યું કે, ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની શંકાસ્પદ સામગ્રીની હિલચાલ પર બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે.ચૂંટણી પંચે તમામ ચૂંટણી અધિકારીઓને કિંમતી ધાતુઓ, ડ્રગ, રોકડ અને દારૂના પરિવહન પર કડક નજર રાખવા જણાવ્યું છે. પીએન ગાડગીલ જ્વેલર્સ, પુણેના ચેરમેન સૌરભ ગાડગીલે જણાવ્યું હતું કે કેટલીકવાર ગેરસમજ થાય છે. આ માલ કાયદેસરની મર્યાદામાં લઈ જવામાં આવતો હતો અને તેના બિલ ઈમેલ પર પણ ઉપલબ્ધ છે.

### ચૂંટણી પંચની વિનંતી સ્વીકારી

# ક્રિકેટ બાદ હવે ચૂંટણીમાં મોટી જવાબદારી નિભાવશે ધોની

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।



ભારતીય ક્રિકેટ સહિત વિશ્વભરમાં ધૂમ મચાવનાર મહેન્દ્ર સિંહ ધોની હવે ઝારખંડ વિધાનસભા ચૂંટણીમાં નવી ભૂમિકામાં જોવા મળશે. ચૂંટણી પંચે મતદાન જાગૃતિ માટે કરેલી અપીલને મહેન્દ્ર સિંહ ધોનીને સ્વિકારી લીધી છે, તેથી હવે તે ઝારખંડ વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરવાની અપીલ કરતો જોવા મળશે. ચૂંટણી પંચ દ્વારા ધોનીને મેદાનમાં લાવવાની તૈયારીઓ જોરશોરથી શરૂ કરી દેવાઈ છે. આ માહિતી આપતાં મુખ્ય ચૂંટણી અધિકારી કે.રવિ કુમારે કહ્યું કે, ધોનીની સંમતિ મળ્યા બાદ વિધાનસભા ચૂંટણી દરમિયાન સ્વીપ કાર્યક્રમ હેઠળ તેના ફોટા અને વીડિયોનો ઉપયોગ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, ધોની દ્વારા મતદારોને મતદાનમાં ભાગ લેવાની અપીલ કરવાથી મતદાનની ટકાવારી વધશે. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ સુકાની અને હેલિકોપ્ટર શોટ માટે જાણિતા મહેન્દ્ર સિંહ ધોની અગાઉ ચૂંટણી પંચનો બ્રાન્ડ એમ્બેસેડર હતો. ધોનીના દેશભરમાં લાખો ચાહકો છે, જેને ધ્યાને રાખીને ચૂંટણી પંચે તેના ફોટો અને વીડિયોનો ઉપયોગ કરવા માટે તેને પત્ર લખ્યો હતો, જેને ધોનીએ મંજૂરી આપી દીધી છે. તેથી હવે ચૂંટણી પંચ ઝારખંડ વિધાનસભા ચૂંટણી પંચે માહીના ફોટોવાળી તસવીરો મતદાન કેન્દ્રથી લઈને અનેક સ્થળે તેમજ મુખ્ય સ્થળો પર લગાવવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ધોની સોશિયલ મીડિયા અને ટીવીમાં પણ વિધાનસભા ચૂંટણીમાં મતદારોને મતદાન કરવાની અપીલ કરતો જોવા મળશે.

### કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી મહારાષ્ટ્રમાં સીટ વહેંચણીથી નારાજ થયા!



। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી મહારાષ્ટ્રમાં બેઠકોની વહેંચણી મુદ્દે નારાજ હોવાની ચર્ચા છંછેડાઈ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક શુક્રવારે દિલ્હી પાર્ટી હેડક્વાર્ટરમાં મળી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર,રાહુલ ગાંધી બેઠકમાંથી અધવચ્ચે જ નીકળી ગયા હતા. મહાવિકાસ અઘાડી સહયોગી શિવસેનાને કોંગ્રેસ પાર્ટીની પકડ હેઠળની સીટો ફાળવી દેવાથી તે નારાજ હોવાની ચર્ચા છે. સૂત્રોના જણાવ્યાનુસાર, કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં રાહુલ ગાંધીએ વિદર્ભ અને મુંબઈ જેવા વિસ્તારોમાં કોંગ્રેસની મજબૂત અને ખાસ કરીને અનામત બેઠકો શિવસેના (યુબીટી)ને આપવાના મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા. આ ઉપરાંત, તે એવા ઉમેદવારોના નામથી પણ નારાજ હતા જે સ્ક્રીનીંગ કમિટીએ સીઈસીને આપ્યા હતા. તેમણે કહ્યું કે, 'આ નામ રાજ્યના ઘણાં નેતાઓ પ્રત્યે પક્ષપાતની લાગણી પેદા કરે છે.' રાહુલ ગાંધીનું માનવું છે કે મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓએ સીટ વહેંચણી પર વાતચીત દરમિયાન તેમની ભૂમિકા યોગ્ય રીતે ભજવી ન હતી. તેમણે નારાજગી વ્યક્ત કરી અને કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક અધવચ્ચે છોડી દીધી. હાઈકમાન્ડે મહારાષ્ટ્ર કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાલાસાહેબ થોરાટને MVA સાથી શરદ પવારની NCP અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના સાથે વિદર્ભ અને મુંબઈ બેઠકો અંગે વાતચીત કરવાની જવાબદારી સોંપી હતી.ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં એક મહિનાથી પણ ઓછો સમય બાકી છે, પરંતુ મહાવિકાસ અઘાડી બેઠકની વહેંચણી પર સર્વસંમતિ સાધી શકી નથી. કોંગ્રેસ, ઉદ્ધવ સેના અને શરદ પવારની પાર્ટીએ અગાઉ એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ત્રણેય પક્ષોએ ૮૫-૮૫ બેઠકો પર ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે અને બાકીની ૩૩ બેઠકો પર પણ નિર્ણય હજુ લેવાનો બાકી છે.

# મપ્રમાં દિવાળી પહેલા માવા, ઘી અને ચીઝમાં ભેળસેળ કરનારાઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે

। (એજન્સી) મધ્યપ્રદેશ, તા.૨૬ ।



મધ્યપ્રદેશમાં દિવાળી પહેલા ભેળસેળ કરનારાઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ભોપાલ, ગ્વાલિયર, ભિંડ, મોરેના, ટીકમગઢ, ડાબરા અને ઉજ્જૈનમાં ભેળસેળયુક્ત માવા, ઘી અને ચીઝ બનાવતી ફેક્ટરીઓ સામે ઝડપી કાર્યવાહી કરવામાં આવી છે. ગ્વાલિયર, મોરેના, ભીંડ, ડાબરા અને ઉજ્જૈન જિલ્લામાંથી દેશના વિવિધ ભાગોમાં સપ્લાય કરવામાં આવતી ભેળસેળયુક્ત સામગ્રીનો મોટો જથ્થો ઝડપાયો છે. ગ્વાલિયર, ભીંડ, મોરેના એ મધ્યપ્રદેશના વિસ્તારો છે. જ્યાંથી સમગ્ર દેશમાં ખાસ કરીને માવાની માંગ છે. અહીંથી આ સામાન દેશના વિવિધ ભાગોમાં સપ્લાય કરવામાં આવે છે. દિવાળીની સિઝનમાં ભેળસેળિયાઓ આનો ફાયદો ઉઠાવીને નકલી માવો અને નકલી ઘી મોટી સંખ્યામાં સપ્લાય કરે છે. પ્રશાસને તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરી છે, રાજધાની ભોપાલના રેલ્વે સ્ટેશનની બહાર લોડીંગ ઓટોમાં ૯ કિલો શંકાસ્પદ માવો જપ્ત કરવામાં આવ્યો છે. આ માવો લોડીંગ ઓટોમાં લગભગ ૨૩ બંડલમાં રાખવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, આ માવો મુરેનાથી આગ્રા મોકલવામાં આવ્યો હતો. જ્યાંથી, સૂત્રોના જણાવ્યા અનુસાર, તે ભોપાલની તમામ દુકાનોમાં સપ્લાય કરવામાં આવી હતી. સરકારના ફૂડ વિભાગે ચાર સેમ્પલ લઈને માવાને કોલ્ડ સ્ટોરેજમાં રાખ્યો છે. જપ્ત કરાયેલા માવાની કિંમત ૨ લાખ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે. આ સાથે ગ્વાલિયરના ભંવરપુરા પોલીસ સ્ટેશને દિવાળી પહેલા શંકાસ્પદને ગુમાવ્યો હતો. ઘી બનાવતી ફેક્ટરી પર દરોડો પાડવામાં આવ્યો છે. સ્થળ પરથી શંકાસ્પદ ખોવા અને ઘીનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ફૂડ વિભાગે સેમ્પલ લઈને આગળની કાર્યવાહી શરૂ કરી છે. સિકરાવારી ગામમાં દેશી ભઠ્ઠીઓ દ્વારા ભેળસેળયુક્ત ખોયા અને ઘી બનાવવામાં આવી રહ્યા હોવાની બાતમી પોલીસને મળી હતી. ભંવરપુરા પોલીસ સ્ટેશનની પોલીસ ટીમે ગામમાં દરોડો પાડતા ભઠ્ઠીઓમાં બનતા ભેળસેળવાળો માવો મળી આવ્યો હતો. આ માવો કેમિકલ અને રિફાઈન્ડ દ્વારા બનાવવામાં આવતો હતો. પોલીસે માવો બનાવતી વખતે કેટલાક લોકોની અટકાયત કરી હતી અને લગભગ ૧૫૦ કિલો શંકાસ્પદ ભેળસેળવાળો માવો જપ્ત કર્યો હતો. આ સાથે અહીંથી ખરાબ રિફાઈન્ડ અને કેમિકલ પણ મળી આવ્યા છે.

### મહાવિકાસ અઘાડીમાં બળવો!

# સપાએ અલ્ટીમેટમ આપી કહ્યું, પાંચ બેઠકો આપો નહીં તો...

। (એજન્સી) મુંબઈ, તા.૨૬ ।

મહારાષ્ટ્રની ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધને પોતાની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. જ્યારે મહાવિકસ અઘાડીમાં હજી પણ બેઠકોની વહેંચણી મુદ્દે ખેંચતાણ જોવા મળ્યો છે. એક તરફ મહાગઠબંધનના ત્રણ મોટા પક્ષો- કોંગ્રેસ, એનસીપી (શરદ) અને શિવસેના (યુબીટી) એ ૮૫-૮૫ બેઠકો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી છે, તો બીજી તરફ બાકીની બેઠકો પર અન્ય પક્ષોના દાવાને લઈને વિવાદ ચાલી રહ્યો છે. સમાજવાદી પાર્ટીએ MVAને એક દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. સપાએ ૫ બેઠકોની માંગણી કરી છે. જો આમ ન થાય તો I.N.D.I.A બ્લોક સિવાયની ૨૫ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખવાની ચીમકી આપી છે. સપાના મહારાષ્ટ્રના અધ્યક્ષ અબુ આસિમ આઝમીએ શુક્રવારે શરદ પવાર સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે ૫ બેઠકોની માંગણી કરી હતી અને તેનો જવાબ શનિવાર સુધીમાં આપી દેવાનું અલ્ટીમેટમ પણ આપ્યું છે. આઝમીએ જણાવ્યું હતું કે, મેં ૫ બેઠકો માંગી છે. તેમાં હાલની બે બેઠકો (ભિવંડી પૂર્વ અને માનખુર્દ) સમાવિષ્ટ છે. આ સિવાય ભિવંડી પશ્ચિમ, માલેગાંવ અને ધુલે શહેર માટે વધુ ત્રણ બેઠકોની માંગણી કરવામાં આવી છે. જો અમને આ બેઠકો મળે છે તો તેના પર જીત નિશ્ચિત છે. હું આવતીકાલે (શનિવાર) બપોર સુધી રાહ જોઈશ.

## ન્યૂઝ બ્રિફ

### સુરક્ષા એજન્સીની જાસૂસી કરતો એક ઈસમ પોરબંદરથી ઝડપાયો

। (એજન્સી) પોરબંદર, તા.૨૬ ।

દિવાળી પહેલા ગુજરાત છ્જીએ પોરબંદરમાં મોટી કાર્યવાહી કરી છે. કોસ્ટગાર્ડ સહિત દરિયાઇ સુરક્ષા એજન્સીની જાસૂસી કરતા એક વ્યક્તિની ધરપકડ કરાઈ છે. હાલ આ જાસૂસની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ દરમિયાન કેટલાક મોટા ખુલાસા થઈ શકે છે. મળતી માહિતી અનુસાર, ગુજરાત છ્જીએ કોસ્ટગાર્ડ સહિત દરિયાઇ સુરક્ષા એજન્સીની જાસૂસી કરતા પોરબંદરના શખસની ધરપકડ કરી છે. આ જાસૂસ આ માહિતી કોને પહોંચાડતો હતો તેને લઈને આ વ્યક્તિની પૂછપરછ કરવામાં આવશે. આ આરોપી સાથે કોણ કોણ સંડોવાયેલા છે તેને લઈને પણ ખુલાસા થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ગુજરાત છ્જીએ પોરબંદરમાંથી સૌથી મોટા ઓપરેશનમાં આતંકી સંગઠન સાથે સંકળાયેલા ચાર શખસોની ધરપકડ કરી હતી.

### દાહોદની આશ્રમ શાળામાં શિક્ષકે વિદ્યાર્થીની સાથે અડપલાં કર્યા

। (એજન્સી) દાહોદ, તા.૨૬ ।

ગુજરાતમાં ફરી એક વાર શિક્ષણ જગતને શર્મસાર ઘટના સામે આવી છે. દાહોદની આશ્રમ શાળામાં શિક્ષકે ૧૬ વર્ષની વિદ્યાર્થીની સાથે અડપલાં કર્યા છે. શિક્ષકે વિદ્યાર્થીનીને આશ્રમમાં ભોજન બનાવવા માટે બોલાવી હતી. વિદ્યાર્થીનીએ બૂમાબૂમ કરતાં ગભરાયેલા શિક્ષકે તેને છોડી દીધી હતી. સગીરાના માતા – પિતાએ દાહોદ પોલીસ સ્ટેશનમાં આ સમગ્ર ઘટનાની જાણ કરી ફરિયાદ નોંધાવી હતી. શિક્ષક વિરુદ્ધ છેડતી, એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે ધરપકડ કરી છે. તો શાળામાં ભણતાં અન્ય વિદ્યાર્થીઓ પણ શિક્ષક પર ગંભીર આરોપ લગાવી રહ્યા છે. વિદ્યાર્થીઓનું કહેવુ છે કે આરોપી શિક્ષક દ્વારા હંમેશા જ વિદ્યાર્થીઓને મા-બહેનનું નામ લઈ અપશબ્દો બોલવામાં આવે છે. તેમજ કારણ વગર જ માર પણ મારવામાં આવે છે.

### સુરતની ઇન્સ્ટા ઈનફ્લુએન્સર જીનલ દેસાઈ ફારી ચર્ચામાં

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

સુરતની સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર જીનલ દેસાઇ ફરી એકવાર વિવાદમાં સપડાઇ છે. થોડા દિવસ પહેલાં જન્મ દિવસની ઉજવણીનો વીડિયો વાયરલ થયો છે. જીનલે ગાડીના બોનેટ પર બેસીને બર્થ ડેની ઉજવણી કરી પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કર્યો હતો. એ મામલો હજુ શાંત પડ્યો નથી ત્યાં તો ફરી એકવાર દારૂ અને હુક્કાની પાર્ટીનો વીડિયો વાયરલ થયો છે. આ વાયરલ વીડિયોમાં જીનલ દેસાઇ સુરતના ડુમસ વિસ્તારમાં આવેલા સાયલન્ટ ઝોનની હોટલમાં બુટલેગર સહિત ચાર લોકો સાથે હુક્કા અને દારૂની મહેફિલ માણતી નજરે પડે છે. ૨૨ ઓક્ટોબરના રોજ મોડલ કક્ષા સરવાણીનો જન્મ દિવસ હોવાથી તેનો ભાઈ મિહિર સરવાણી, ભરત મહેતા અને જીનલ દેસાઇ હોટલના રૂમમાં પાર્ટી માણી રહ્યા હતા.

# સોમનાથ મંદિરમાં 3D લાઈટ એન્ડ સાઉન્ડ શોનો પુનઃ પ્રારંભ




આગામી દિવાળી મહોત્સવ અંતર્ગત શ્રી સોમનાથ મંદિર ખાતે વિવિધ મુહૂર્ત અને દિવસો દરમિયાન ભક્તજનો માટે વિશેષ શૃંગાર અને પૂજાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આધુનિક ટેકનોલોજીથી સુરચિત આ શો યાત્રિકોને આનંદ અને ધર્મનિષ્ઠાનો અનોખો અનુભવ કરાવે છે.

### ઝુમાં રીંછને હમણાં પ્રદર્શિત નહીં કરાય

## વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમાટીબાગ ઝું માં રીંછનું આગમન

### એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ રીંછને સુરતથી લવાયું

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમાટીબાગ સ્થિત ઝૂમાં ગયા અઠવાડિયે વાઘ અને વાઘણની જોડીનું આગમન થયા બાદ પ્રવાસીઓમાં આકર્ષણ વધારવા રીંછનું આગમન થયું છે. રીંછની સાથે સાથે વનિયર અને શિયાળ પણ લાવવામાં આવ્યું છે. એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ આ રીંછને વડોદરાના ઝુમાં સુરતથી લાવવામાં આવ્યું છે. બે વર્ષ અગાઉ કમાટીબાગમાં હિમાલય રીંછનું ઉંમરને લીધે મૃત્યુ થયું હતું, ત્યારથી અહીં એક પણ રીંછ ન હતું. વર્ષ ૨૦૨૨ની તારીખ ૩૦ જૂને હિમાલય રીંછના શ્વાસ ધીમા પડી ગયા હતા, અને બાદમાં તેનું મૃત્યુ થયું હતું. રીંછની ઉંમર આશરે ૩૩ વર્ષની હતી. જે એક આંખે બરાબર જોઈ શકતું હતું. બીજી આંખે તેને મોતિયો થઈ ગયો હતો. હિમાલયન રીંછ વર્ષ ૨૦૦૮માં વડોદરા લાવવામાં આવ્યું હતું. રીછ શિડયુલ એકનું જાનવર છે. હિમાલયન રીંછના મરણ બાદ વડોદરા ઝૂ સત્તાધીશો રીંછની જોડી લેવા પ્રયત્નશીલ બન્યા હતા. ઝુ ક્યુરેટર ડો.પ્રત્યુષ પાટણકરએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી એક રીંછની મંજૂરી આપતું નથી. તે જોડીની જ પરવાનગી આપે છે. વડોદરા કોર્પોરેશનને રીંછ માટે ઝુ ઓથોરિટીએ શરતી મંજૂરી આપી છે. વડોદરામાં પિંજરા તૈયાર પણ હતા પણ રીંછ ન હતું. વડોદરા આવેલું રીંછ માદા છે, અને છ થી આઠ મહિનામાં નર રીંછને વડોદરા લાવવા બાંયધરી આપવામાં આવી છે. જેસોર, અરવલ્લી પટ્ટો, બનાસકાંઠા, રત્નમહાલ અને કેવડીયાનો જંગલ વિસ્તાર રીંછનું કુદરતી આશ્રય સ્થાન છે. સુરતથી જે રીંછ લાવવામાં આવ્યું છે તે સ્લોથ બેર છે એટલે કે ગુજરાતના જંગલોમાં જોવા મળતું રીંછ છે. સુરતને આના બદલામાં પોપટની જોડીઓ ઉપરાંત નીલગાય તથા ટપકાવાળા હરણ આપવામાં આવશે. ઝુમાં આ ઉપરાંત બગલા, પેન્ટેડ સ્ટ્રોક અને કાંકણસાર પણ પક્ષીઓ લાવવામાં આવ્યા છે. આના સિવાય વનિયર પ્રાણી લાવવામાં આવ્યું છે. જે નિશાચર પ્રાણી છે, તેને તાડ બિલાડી કહી શકાય છે. સુરતમાં આ રીંછને 'સિદ્ધિ' નામ આપવામાં આવ્યું હતું. વડોદરામાં પણ તે આ જ નામથી ઓળખાશે.

### રાજ્યમાં શિક્ષણ વિભાગના નકલી હુકમ મળ્યાનો મામલો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૬ ।

છેલ્લાં ઘણાં સમયથી ગુજરાત રાજ્ય એટલે નકલીની ફેક્ટરી બની હોય તેવું જણાઈ રહ્યું છે. ગુજરાતમાં નકલી ખાદ્ય વસ્તુ, નકલી અધિકારી, નકલી ટોલનાકા તો ઠીક નકલી કોર્ટથી લઈ નકલી ન્યાય મળવા સુધીનો પણ ઘટસ્ફોટ થઈ ચુક્યો છે. આટલું ઓછું હતું તો હવે રાજ્યમાં શિક્ષણ વિભાગના નકલી હુકમ પણ મળવા લાગ્યા છે. બનાસકાંઠામાં બ્રિજેશ પરમાર નામના શિક્ષકે શિક્ષણ વિભાગના સચિવનો ડુપ્લીકેટ લેટર બનાવી બદલીનો ઓર્ડર આપ્યો હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર મામલા વિશે વાત કરીએ તો બનાસકાંઠાના વડગામની મજાદર પ્રાથમિક શાળાના શિક્ષક બ્રિજેશ પરમારે શિક્ષણ વિભાગના સચિવના સહી અને સિક્કા કરી બદલીનો નકલી ઓર્ડર બનાવ્યો હતો. હાલ બદલીનો કેમ્પ યોજાયો હતો, જેમાં શિક્ષકોની બદલી કરવામાં આવી હતી. ત્યારબાદ મજાદર પ્રાથમિક શાળાના શિક્ષક બ્રિજેશ પરમારે નકલી સહી સિક્કા સાથેનો ઓર્ડર બનાવી થરાદની ડુવા પ્રાથમિક શાળામાં જે શિક્ષક ફરજ બજાવે છે તેને આ ઓર્ડર આપી દીધો હતો. આ શિક્ષક જ્યારે જે-તે સમયે બદલીના ઓર્ડર મુજબ અન્ય શાળામાં હાજર થવા ગયાં ત્યારે આ સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. સમગ્ર ઘટનાની જાણ થતાં પ્રાથમિક શિક્ષણ અધિકારીએ તાત્કાલિક ધોરણે શિક્ષક બ્રિજેશ પરમારને સસ્પેન્ડ કરી દીધો છે અને પોલીસ ફરિયાદના આદેશ આપ્યા છે.

### તહેવાર ટાણે ધમકી મળતા શહેરમાં ચકચાર

## હોટલને ઈ-મેઈલમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

### રાજકોટ શહેરની ૧૦ પ્રખ્યાત હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ એલર્ટ : મામલામાં તપાસ



। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

રાજકોટ શહેરની ૧૦ નામાંકિત હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા દોડધામ મચી છે. ફાઈવ સ્ટાર હોટલ ધ ઈમ્પિરિયલ પેલેસ, સયાજી હોટલ, ભાભા હોટલ, કાવેરી હોટલ, જ્યોતિ હોટલ, પેરા માઉન્ટ, ધ એલિમેન્ટ્સ હોટલ, સીઝન્સ હોટલ, બિકોન હોટલ અને ધ ગ્રાન્ડ રેજન્સી હોટલને ઈ-મેઈલમાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે.

જેમાં લખ્યું છે કે, 'મેં તમારી હોટલના દરેક સ્થળે બોમ્બ મૂક્યા છે. બોમ્બ થોડા કલાકોમાં નીકળી જશે. આજે અનેક નિર્દોષોના જીવ જશે. ઉતાવળ કરો અને હોટેલ ખાલી કરો. હમણાં જ ખાલી કરો.'

૧૨:૪૫ વાગ્યે ધમકી ભર્યો મેઈલ મળતા જ પોલીસ તંત્ર એલર્ટ થયું છે અને તમામ હોટલ પર પહોંચીને તપાસ શરૂ કરી છે. જણાવી દઈએ કે, છેલ્લા કેટલાક દિવસોથી ફ્લાઈટ્સમાં બોમ્બ હોવાની ધમકીઓ મળી રહી છે, ત્યારે હવે હોટલમાં બોમ્બની ધમકી મળી છે. ક્રાઈમ બ્રાન્ચ, જીર્ટ, ન્ઝમ, સ્થાનિક પોલીસ, બોમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ સહિતનો કાફલો હોટલ્સ ખાતે પહોંચ્યો હતો. જોકે, એકપણ હોટલમાં હજુ સુધી કંઈપણ ના મળી આવતા સૌએ હાશકારો અનુભવ્યો હતો. તો બીજી તરફ ધમકી ભર્યો મેઈલ કોણે કર્યો તે દિશામાં તપાસ ચાલી રહી છે. તહેવાર ટાણે ધમકી મળતા સમગ્ર શહેરમાં ચકચાર મચી છે




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રિક્રીએશન કમિટીના ચેરમેન અને કમિટીના સભ્યો દ્વારા અમદાવાદના કોટ વિસ્તારમાં યોજાતી હેરિટેજ વોકમાં ભાગ લેવામાં આવ્યો.

### સિવિલ હોસ્પિટલમાં દાઝેલા દર્દીમાં ચામડીનુ પ્રથમ સફળ પ્રત્યારોપણ

## સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં સ્કીન બેંક ખુલ્યા બાદ અત્યાર સુધીમાં પાંચ સ્કીન દાન થયા છે

### સ્કીન બેંકમાં દાનમાં મળેલ સ્કીનને પ્રથમ વાર કોઇ દર્દીમાં ગ્રાફ્ટ કરવામાં આવી

। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

સિવિલ હોસ્પિટલ માં કોઈ કારણસર ૩૦% દાઝી ગયેલ દર્દીની બળી ગયેલ ચામડીની જગ્યાએ પડેલ ઘા રૂઝાવવા માટે ચામડી લગાવવાની જરૂરી હોઈ સિવિલ હોસ્પિટલ ના પ્લાસ્ટીક સર્જરી વિભાગ ના ડોકટરો દ્વારા દર્દીને સ્કીન ગ્રાફટીંગ માટે ઓપરેશન કરવાનું નક્કી કરવામા આવ્યું હતુ.

દર્દીના શરીરમાંથી ઘા ઉપર લગાવવા માટે પૂરતી ચામડી ન હોઈ ૫૦% ભાગ ઉપર દર્દીની પોતાની ચામડી અને બાકીના ઘા ઉપર સ્કીન બેંકમાં ડોનેશનમાં મળેલ ચામડી ધ્વારા સંપૂર્ણ ઘા કવર કરવામાં આવ્યું .

હાલમાં દર્દીના પોતાના શરીર ઉપરથી લીધેલ ચામડીની જગ્યાએ રૂઝ આવતા થોડા સમય બાદ તે જ જગ્યાએથી ફરીથી ચામડીનું પડ લઈ ફરીથી સ્કિન ગ્રાફટીંગ કરવામાં આવશે.

સિવિલ હોસ્પિટલ ના પ્લાસ્ટીક સર્જરી વિભાગ ના વડા ડૉ. જયેશ સચદે એ જણાવેલ કે, જો બાકીનો ઘા કવર કરવામાં ન આવે તો તેમાં ઈન્ફેક્શન લાગવાના તેમજ તેમાંથી પ્લાઝમા નીકળી જઈ દર્દીના શરીરમાં પ્રોટીનની ઉણપ તેમજ બીજા કોમ્પ્લીકેશન થવાની પણ શક્યતા રહેતી હોય છે. સ્કીન ગ્રાફટીંગ બાદ હાલમાં દર્દીની તબિયત સુધારા ઉપર છે.

ડૉ. સચદે એ વધુ માં જણાવેલ કે, દાનમાં મળેલ ચામડી બાયોલોજીકલ સ્કીન ડ્રેસિંગ તરીકે કામ કરે છે. આગળ જતા બીજાની લગાવેલ ચામડી નીકળી જાય છે અને કુદરતી રીતે ફરીથી નવી ચામડી બનવા નો સમય મળી રહે છે.

આ ક્ષણે સિવિલ હોસ્પિટલ તબીબી અધિક્ષક ડૉ.. રાકેશ જોશી એ દાઝેલા વ્યક્તિ ઓ માં મ્રુત્યુદર ઘટાડવા વધુમાં વધુ લોકો સ્કીન દાન કરે તેવી લોકો ને અપીલ કરી હતી.

